# બિહાઈન્ડ ધ ટાઈમ્સ - પરદા પાછળનાં પાત્રોની માર્મિક યાદોઃ બચી કરકરિયાની નજરે


**નરેશ પ્ર માંકડ**

ટાઈમ્સ ઓફ ઇન્ડિયાએ ૧૮૩૮ માં પોતાની સફર શરૂ કરી ત્યારે દિલ્હીના તખ્ત પર નામનો જ કહેવાય એવો મુગલ શહેનશાહ બેઠો હતો. શીખ અને મરાઠાઓના રાજ્ય એમની ટોચ પરથી હવે અસ્તાચળ તરફ જઈ રહ્યા હતા.  દેશના અંતરિયાળ વિસ્તારોમાં લોહીતરસ્યા ઠગો મુસાફરોને મારીને લૂંટ ચલાવતા હતા. આવા સમયે Bombay Times And Journal of Commerce નામથી આ પત્ર અઠવાડિયામાં બે દિવસ પ્રગટ થતું.  ૧૮૫૦માં એ દૈનિક પત્ર બન્યું અને ૧૮૬૧માં તેને ટાઈમ્સ ઓફ ઇન્ડિયા નામ અપાયું. તમને જાણીને આશ્ચર્ય થશે કે ૧૯૦૭માં તેની કિંમત ચાર આનાથી ઘટાડીને એક આનો કરવામાં આવી!

આમ તો મુંબઈ વર્ષો સુધી એનો ગઢ હતું પણ ૧૯૫૦માં તેની દિલ્હી આવૃત્તિ શરૂ થઈ.  ત્યાર બાદ ૧૯૬૮માં અમદાવાદ આવૃત્તિ પણ શરૂ થઈ. ખોટ કરતી એ  આવૃત્તિ કેવી રીતે નફાકારક બની તેની રસપ્રદ વાત આપણે આગળ જતાં કરીશું.  ૧૯૯૧માં બીબીસી એ તેને વિશ્વના છ મોટાં અખબારમાં સ્થાન આપ્યું. આ વર્ષો દરમ્યાન વિચાર અને ભાષાના એક સશક્ત ચેમ્પિયન તરીકે તે સુસ્થાપિત થઈ ચૂક્યું હતું પણ સમય પલટાઈ રહ્યો હતો. ટાઈમ્સનુ મેનેજમેન્ટ એને પૈસા કમાવાના ધંધા તરીકે ઉપયોગમાં લેવા માગતું હતું અને એમની વેપારી વૃત્તિ એમને જંગી વળતર આપી રહી હતી. ૧૯૯૬માં દસ લાખ અને વર્ષ ૨૦૦૦માં વીસ લાખના ફેલાવાને વટાવી ગયું.  આ આંકડો ૨૦૦૪માં ત્રીસ લાખ અને ૨૦૦૮માં ચાલીસ લાખથી આગળ નીકળી ગયો.

+ + +

ટાઈમ્સ ઓફ ઇન્ડિયાની ૧૮૩૮માં શરૂ થયેલી સફરનાં ૧૭૫ વર્ષ પૂરાં થયાં તે નિમિત્તે ટાઈમ્સ તરફથી સંદીપન દેબનું લખેલું  પુસ્તક Momentous Times: 175 Years બહાર પાડવામાં આવ્યું હતું જેમાં ટાઇમ્સમાં આવરી લેવાયેલા ૧૭૫ મહત્વના બનાવોનું બયાન આપ્યું છે.બચી કરકરીઆનું પુસ્તક  Behind The Times  જરા વધુ નજીકના બનાવો અને વ્યક્તિઓનું, દર્શન આપે છે.




ટાઈમ્સ ઓફ ઇન્ડિયાએ પોતાના લોગોમાં Let Truth Prevail ના નારા સાથે બે હાથી સામસામે મૂક્યા છે. હાથીને આ રીતે મૂકવાની આપણા દેશમાં જૂની પ્રથા છે. તે અજંતામાં પણ જોવા મળે છે, અને રાજા રવિ વર્માના ચિત્રમાં પણ મળે છે; પરંતુ ટાઈમ્સના લોગોમા તો બે હાથીઓના ટકરાવનું સૂચન થતું લાગે છે એવું બચી કરકરિયાનું પુસ્તક વાંચતાં અનુભવાય છે.

THE TIMES OF INDIA



બચી કરકરીઆ ૧૯૬૯માં ધ ઇલસ્ટ્રેટેડ વિકલી માં જોડાયાં અને ખુશવંત સિંહ પણ એ વર્ષે જ જોડાયા - બચી તાલીમાર્થી તરીકે અને ખુશવંત સિંહ તંત્રી તરીકે. લગ્ન પહેલાંનું તેમનું મૂળ નામ બચી એન. કાંગા. ટાઈમ્સ સાથે તેઓ ૩૦ વર્ષ જીવ્યાં છે. ખુશવંત સિંહ પાસે તેઓ એમની લેખનકળા શીખ્યાં,

બચીની કારકિર્દી પણ ટાઈમ્સના બીજા ઘણા પત્રકારોની આયા રામ, ગયા રામ ની રીતને અનુસરે છે. નાટકના સ્ટેજ ચાલતી અવર જવર જેમ ટાઇમ્સમાં પણ કોઈ પત્રકાર આવે, જાય, ફરી આવે, ફરી જાય અને ફરી પણ આવે એવું બન્યા કરતું.

કલકત્તામાં સ્ટેટ્સમેનમાં કામ કર્યું, અને ફરી ટાઇમ્સમાં આવ્યાં. સન્ડે ટાઈમ્સ, મેટ્રોપોલિસ ઓન સેટરડે અને બોમ્બે ટાઇમ્સમાં તંત્રી રહ્યા પછી ટાઇમ્સની બેંગલોર આવૃત્તિને સશક્ત બનાવી અને ટૂંકી મુદ્દત માટે મિડ ડે માં ગયા બાદ ફરી દિલ્હીના રેસિડન્ટ એડિટર તરીકે અને નેશનલ મેટ્રો એડિટર તરીકે ટાઇમ્સમાં ફરજ બજાવી. હાલ તેઓ મીડિયા સલાહકાર અને ટ્રેઈનર છે. એમની કોલમ Erratica માટે તેઓ વિશેષ જાણીતાં છે. ખુશવંતના અવસાન બાદ બચી કસૌલીમાં યોજાતા ખુશવંત સિંહ લિટ ફેસ્ટ નામના સાહિત્ય સમારોહમાં પણ જોડાતાં રહ્યાં છે.

\+ \+ \+

**Behind The Times** પુસ્તકમાં બચીએ ટાઈમ્સની ગતિવિધિઓ, ઉતાર ચડાવ અને એમના સ્ટાર પત્રકારોની ખાટી મીઠી વાતો રસાળ શૈલીમાં રજૂ કરી છે. ખુશવંત સિંહ સાથે ટ્રેઇની તરીકે મૂલ્યવાન અનુભવ મેળવ્યો હતો એટલે એમની અસર સ્પષ્ટ રીતે વર્તાય છે.

આ ગ્રેટ ટાઈમ્સ સરકસમાં વિભિન્ન અને વિચિત્ર લાક્ષણિકતાઓ ધરાવતાં અનેક પાત્રો છે, જેમાંના કેટલાક તો બચી જેમને epic heroes કહે છે એવાં છે એટલે પત્રકારત્વના વિદ્યાર્થી  માત્ર નહિ પણ સામાન્ય વાચકને પણ રસ પડે એવી ભરપૂર વિગતો મળી રહે છે. આ ચિત્રમેળામાં શામલાલ, ગિરીલાલ જૈન, એન. જે. નાનપોરિયા જેવી અસાધારણ, વજનદાર હસ્તીઓ છે, ખુશવંતસિંહ જેવા સુપર સ્ટાર છે, અને પ્રીતિશ નાંદી જેવા શો - મેન પણ છે.  સ્વાભાવિક રીતે જ આમાં વ્યક્તિચિત્રો અને જેને ટુચકાઓ (anecdotes) કહે છે એવી નાની રસાળ વાર્તાઓ છે જેના આધારે આપણી સમક્ષ ટાઈમ્સનું એક ચિત્ર ઊભું થાય છે. ટાઇમ્સની વાસ્તવિક યાત્રામાં બનતું રહ્યું હતું એમ આ પુસ્તકમાં પણ ચરિત્રો અલગ અલગ સંદર્ભના કારણે આવન જાવન કરતાં રહે છે.

+ + +

## કિવદંતિ સમો ડિરેક્ટર્સ લંચ રૂમ

બચી આરંભમાં ગોળ ગોળ ફરતી (સ્વિવેલ) લાલ ખુરશીના આકર્ષણની વાત કરે છે. સમયની સાથે ડિઝાઇનના થતા રહેલા ફેરફારો સાથે એની મૂળ ચમક જતી રહી છે છતાં તે જ્યાં વપરાતી એ ડિરેક્ટર્સ લંચ રૂમ DLR નો ઠાઠ તો જળવાઈ રહ્યો છે. એક સમયે અહીં લાંબા ટેબલ પર વરદીધારી વેઇટર ભોજન પીરસતા. આજે તો તમારી હાથમાં પકડેલી પ્લેટની સમતુલા જાળવતાં ઊભા રહેવું પડે છે. ૧૯૮૦ના દાયકા સુધી DLR માત્ર પુરુષોની ક્લબ હતી, એમાં અપવાદરૂપ હતાં ફેમિનાનાં જાજરમાન તંત્રી વિમલા પાટીલ.  લંચ રૂમમાંથી મોટે મોટેથી થતી વાતો અવાજો આવતા. જેને નોન વેજ જોક કહે છે એવી રમૂજનું હાસ્ય સંભળાતું, વિશેષ તો ખુશવંત સિંહ વિકલીના તંત્રી બન્યા પછી. એટલે તેઓ ચોથા માળ પરની પોતાની કેબિનમાં ટ્રે મંગાવવાનું પસંદ કરતાં.  શાબ્દિક અને આલંકારિક અર્થમાં ધર્મયુગના ઊંચી કક્ષાના તંત્રી ડો. ધર્મવીર ભારતી સરદારના મજબૂત હરીફ હતા.  દરરોજ બપોર પછી તેઓ પાછળના દરવાજામાંથી માપેલાં ડગલાં ભરતાં, રો સિલ્કના બુશ શર્ટ માં સજ્જ, હોઠ પર રાખેલી સિગાર સાથે પ્રવેશ કરતા.

ટાઈમ્સના એક સુખ્યાત તંત્રી, શામલાલ, ડાયરેક્ટર્સના ભોજન કક્ષમાં ક્યારેય ન આવતા.  તેઓ પ્રખ્યાત સ્ટ્રેન્ડ બુક સ્ટોલમાં જઈ પુસ્તકો પર નજર ફેરવતા અને સ્ટ્રેન્ડ  જેટલા જ ખ્યાતિપ્રાપ્ત એના માલિક ટી. એન. શાનભાગ સાથે સાહિત્યિક ચર્ચાઓમાં વ્યસ્ત થઈ જતા. શ્યામલાલના ઉત્તરાધિકારી ગિરીલાલ જૈન પણ ભોજન કક્ષના અનિયમિત મુલાકાતી હતા.  તેઓ સ્ટ્રેન્ડ ની મુલાકાતમાં કે અન્યત્ર ભોજનના રોકાણમાં વ્યસ્ત ન હોય તો ટ્રે મંગાવી લેતા.

*************

બેનેટ કોલમેનમાં ભરતી કરવાનું અનિયમિત અને બિનઆયોજિત રીતે થતું રહેતું. ગૌતમ અધિકારી સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયામાં કામ કરતા પણ એમનું દિલ તો પત્રકારત્વ માં હતું.  કેમ્બ્રિજ થી આવેલા અને માર્કસવાદી વિચારો ધરાવતા સહાયક તંત્રી ડેરિલ ડી મોન્ટેના પ્રયત્નથી એમનો એક લેખ ટાઈમ્સમાં પ્રગટ થયો  પણ ત્યાર પછી સ્ટેટ્સમેન અને આનંદ બજારના અંગ્રેજી અખબાર હિન્દુસ્તાન સ્ટાન્ડર્ડ માં તેમણે કરેલા પ્રયત્નો નિષ્ફળ રહ્યા.  અખબારોમાં એ સમયના બેન્કના નીચા પગાર ધોરણ જેટલું પણ વેતન ન મળતું. એમની બેંક કરતાં ઓછા પગારમાં પણ પત્રકારત્વની નોકરી લેવાની

તૈયારી કોઈને માનવામાં આવતી ન હતી. એવામાં ઇકોનોમિક ટાઇમ્સ કલકત્તામાં આવે છે એવી વાત જાણવા મળી એટલે તરત તેમણે ફોન કર્યો. આ બાબતમાં ઇન્ટરવ્યૂમાં પણ એમને પૂછવામાં આવ્યું, " વધુ સારો પગાર છોડીને કેમ અખબારમાં આવવું છે?" ગૌતમે રોકડો જવાબ પરખાવ્યો, "તમે મને લેવા માગતા હો તો ઠીક છે, નહીં તો હું આવતીકાલે State Bank of India માંથી રાજીનામું આપીને સ્ટેટ્સમેન કે હિન્દુસ્તાન સ્ટાન્ડર્ડ માં જોડાઈ જઈશ. બીજા દિવસે તેમને બોલાવવામાં આવ્યા અને લગભગ બેંક જેટલું જ વેતન નક્કી કરવામાં આવ્યું.

અરુણ અરોરાનું પોસ્ટિંગ અમદાવાદમાં થયું ત્યાં હજુ ઇકોનોમિક ટાઈમ્સ શરૂ થયું ન હતું. અમદાવાદ આવૃત્તિ બાર વર્ષ પહેલાં શરૂ કરવામાં આવેલી, છતાં હજુ ખોટ કરતી હતી. અમદાવાદમાં તેનું સર્ક્યુલેશન નીચું હતું અને જાહેરાત નો ભાવ માત્ર રૂપિયા ૨.૫૦ હતો. એ દિવસોમાં એકવાર કોઈ એન.આર. આઈ. પટેલ તેમની ઓફિસમાં ધસી આવ્યા અને કહ્યું હું જાહેરાત દેવા આવ્યો હતો, એ આપ્યા વગર જ જાઉં છું, શા માટે તમને ખબર છે, મિસ્ટર મેનેજર? હું તમને કહું, હું કાંકરિયા થી તમારી ઓફિસ રિક્ષામાં આવ્યો તેના ₹૩ થયા અને તમારી જાહેરાત માત્ર ₹ ૨.૫૦ માં થાય છે, તો એવી જાહેરાતનો શું પ્રતિભાવ મળશે? અરોરાને જાહેરાતના દરોમાં ફેરફાર કરવાની સત્તા ન હતી તો પણ એમણે દર વધારીને બમણો કર્યો અને પછી હિંમત આવી જવાથી રૂપિયા સાત નો ભાવ કરી નાખ્યો. મુંબઈ હેડ ક્વાર્ટર માં એડવર્ટાઇઝિંગ મેનેજર ને જાણ કરવાની પણ ચિંતા ન કરી. જાહેરાતો વધતી ગઈ અને એમની આ 'ખતા 'ની જાણ પણ ત્યારે થઈ જ્યારે અમદાવાદ આવૃત્તિ અચાનક જ નફો કરતી કેવી રીતે થઈ ગઈ એવા સવાલ ઉઠવા લાગ્યા. આનું પરિણામ એ આવ્યું કે વધુ સર્ક્યુલેશન ધરાવતા મુંબઈ અને દિલ્હી ને પણ જાહેરાતના દર વધારવા પડ્યા અને જાહેરાત વેચવા જનારાને માટે માથાનો દુઃખાવો થઈ પડ્યો. અરોરાને કડક શબ્દોમાં તેમની સત્તા અંગે ચેતવણી આપવામાં આવી. અરોરાને સમજાયું કે કંપની માટે જે સારું હોય એ કરવા જતાં જેને સંસ્થાનું મૅનેજમૅન્ટ તરીકે ઓળખાય છે એવાં સંચાલન તંત્રનો ગરાસ લુંટાઈ જાય છે.

મજાની વાત એ છે કે જે ટાઈમ્સમાં જાહેરાતો આટલું ઓછું મહત્ત્વ ધરાવતી હતી એ જ ટાઈમ્સના જીવનકાળ દરમ્યાન એક સમય એવો પણ આવવાનો હતો કે જાહેર ખબર આવકનો મુખ્ય સ્રોત બની જાય એ રીતે તેનું વેચાણ થઈ શકે એવી રીતે સમાચારોને પ્રકાશિત કરવાનું એક માધ્યમ બની જવાનું હતું !

+ + +

**મહાનાયકો**

ફ્રાંક મોરાએસ, એન.જે. નાનપોરિયા અને શામ લાલના વિશિષ્ટ વ્યક્તિત્વ હતાં, બૌદ્ધિક આડંબર પણ હતો પરંતુ ઘમંડ ન હતો. એ આવ્યો ગિરીલાલ જૈન દ્વારા. દિલીપ પડગાંવકર કહે છે તેમ ગિરીલાલ એક વાક્યમાં યુગોને આવરી લેતાં સ્પેંગ્લેરિયન વિધાનો કરતા; તેઓ કર્ઝનિયન મહત્વાકાંક્ષા અને હરિયાણવી આત્મશ્લાઘાના મિશ્રણ સમાન હતા. એટલે જ તેઓ ગયા તો હતા ઈરાનના પહેલવી

શહેનશાહનો ઇન્ટરવ્યુ લેવા પણ શાહને એમણે ભૂ - રાજનૈતિક વ્યૂહરચનાના પાઠ ભણાવ્યા હોવાનું માનવામાં આવે છે.




Frank Moraes Sham Lal Girilal Jain

બચી એમની આગવી અદામાં કહે છે, કોઈ એક સાંજે દિલ્હીના બૌદ્ધિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના માઉન્ટ પરનેસ્સુસ સમા લોધી ગાર્ડન્સમાં ગિરીલાલ જૈન ચાલતા હશે ત્યારે સિગારનો કશ લેતાં એવાં ઉચ્ચારણો કરશે કે એમના ઉચ્ચ કક્ષાના સાથીદારને પણ ગૂંચવી નાખશે. તેઓ જાહેર કરશે, " હુણ હિન્દુઓની સામે ખડા થશે." પછી મંથનના વિરામ બાદ તેઓ વિચારવિસ્તાર કરશે.

Epic Heros પ્રકરણ માં બચી ફ્રાંક મોરાએસ અને નાનપોરીઆ વિશે ટૂંક નોંધ આપી દે છે એ આ મહાન તંત્રીઓને અન્યાય સમાન છે.  કદાચ કારણ એ હોઈ શકે કે બચીનો પ્રવેશ મોડો થયો હતો.  લૂઈ ફિશરે ફ્રાંકના પુસ્તક India Today ના રિવ્યુમાં લખ્યું હતું: "Next to Nehru, Frank Moraes wields the finest political pen in India where the intelligentsia still take a British delight in exquisite English.

**અસામાન્ય માણસ - આર. કે. લક્ષ્મણ**

બચી કરકરીયા કહે છે કે સામાન્ય માણસ (common man)ના સર્જકનું સૌથી નોંધપાત્ર લક્ષણ એ હતું કે એનામાં સામાન્ય માણસનાં એ વ્યક્તિત્વનો સ્પર્શ બિલકુલ ન હતો. એમના અંગત મિત્રો અને જેમની સાથે તેઓ કામ કરતા એવા તંત્રીઓની મંડળીના નિકટના વર્તુળની બહાર, તેઓ ઉદ્ધતાઈની હદે ગુમાની હતા. પોતાની બૌદ્ધિક ઊંચાઈની નજીક ન હોય એવા લોકોને તેઓ સહન કરી ન શકતા.




પોતાની કાળી એમ્બેસેડર કાર ડ્રાઈવ કરીને લક્ષ્મણ બરાબર ૮:૩૦ વાગે આવી જતા અને તેમની નિયત જગ્યાએ પાર્ક કરતા. ત્યાં બીજું કોઈ પાર્ક કરવાની હિંમત ન કરતું અને જો કોઈ એ જગ્યાએ ઘુસવાનો પ્રયત્ન પણ કરે તો સિક્યુરિટીવાળા તેમને ભગાડી દેતા. લક્ષ્મણનો પટાવાળો શેટ્ટી તેના બોસ કરતા વહેલો આવીને પેન્સિલ સાફ કરી, તેમનું સ્કેચિંગ સ્ટેન્ડ તૈયાર કરીને સવારના બધા દૈનિકો દિવાલ પરના તેમના અંગત ન્યૂઝ પેપર સ્ટેન્ડ પર લગાવી દેતો.

બધા તંત્રીઓ અને સહાયક તંત્રીઓ ૧૦:૩૦ ની મિટિંગ માટે એકઠા થાય ત્યાં સુધીમાં લક્ષ્મણના મગજમાં એનું કાર્ટુન સ્ફુરી ગયું હોય અને કદાચ એનો પહેલો ડ્રાફ્ટ પેડ પર આવી ગયો હોય. લક્ષ્મણ

ટહેલતા ટહેલતા મીટીંગમાં આવતા, મિટિંગમાં ભાગ લેવા છતાં ભાગ ન લેતા હોય એ રીતે હાજરી આપતા. ટાઈમ્સના પદાનુક્રમમાં તંત્રીઓની સમકક્ષ તેમની પોતાની જગ્યા હતી. પછીના વર્ષોમાં લક્ષ્મણ એમની આગવી રીતે એમના મુગ્ધ શ્રોતાઓ સમક્ષ ભૂતકાળના દંતકથા સમા તંત્રીઓની વાત કરીને મનોરંજન કરાવતા અને અપવાદરૂપ સારા મૂડમાં હોય તો, છેલ્લે સિક્કાની કોઈ કરામત બતાવીને સમાપન કરતા.

ઊંડા નીચા ખીસ્સાવાળો સફેદ બુશશર્ટ અને કાળી પેન્ટ એ સિવાયના બીજા કોઈ પહેરવેશમાં એમને કલ્પી ન શકાય. લક્ષ્મણ જેટલા આળા હતા એટલાં જ એમના પત્ની કમલા મૈત્રીપૂર્ણ હતા. એમણે બાળવાર્તાઓના પુસ્તકો લખ્યાં છે, જેમાં લક્ષ્મણે રેખાચિત્રો પુર્યાં છે.

લક્ષ્મણ એકદમ મૂડના માણસ હતા. પારા જેવા અધીરા, એક ક્ષણે રમુજથી તરવરતા તો બીજી ક્ષણે એકદમ ખરાબ સ્વભાવના બની જતા. સિક્કાઓની હાથચાલાકીના જાદુ કરતાં પણ ઓછી જાણીતી છે એમની મીમીક્રીની અદભુત આવડત. કાર્ટૂનિસ્ટોની નિરીક્ષણ શક્તિ સતેજ હોય છે પણ કાર્ટૂનમાં પકડાયેલ વિચિત્રતાઓને બધા ભજવી શકતા નથી હોતા. લક્ષ્મણ પોતાની આ આવડતથી એમના મિત્રો અને સહકાર્યકારોને ખૂબ જ રમૂજ પૂરી પાડતા.

દિલીપ પડગાંવકર સાથે મહારાષ્ટ્ર પરના એક પુસ્તકમાં તેમણે કામ કર્યું હતું ત્યારે દિલીપે નોંધ્યું હતું કે એમના નિરીક્ષણો આશ્ચર્યજનક હતાં. એક અન્ય મુસાફરીની પણ દિલીપ વાત કરે છે. લક્ષ્મણ અને કમલા કોઈ શેખના મહેમાન તરીકે કતાર ગયા હતા, જ્યાં તેમણે એક જાહેર વ્યક્તવ્ય આપવાનું હતું. એમના આરંભના શબ્દોએ શ્રોતાઓ અને યજમાનને આઘાત આપ્યો. એમણે કહ્યું, "તમારા દેશમાં મેં પગ મુક્યો ત્યારથી જ હું બહુ દુઃખી છું." પછી ઉમેર્યું, " મને લેવા માટે કાર ૧૦.૦૦ વાગે આવવાની હોય તો તે ૧૦ માં પાંચ મિનિટ પહેલા આવી જશે, એસી ચાલુ હશે, મારે દરવાજો ખોલવો નહીં પડે, સ્માર્ટ યુનિફોર્મ માં શોફર મારા માટે દરવાજો ખોલશે. તમારા દેશમાં હું ફરું છું ત્યારે મારું હૃદય બેસી જાય છે. માર્ગમાં ક્યાંય ખાડાઓ નથી, જેનો મને મારા દેશમાં અનુભવ છે; દરેક શેરીની બત્તીઓ ચાલુ સ્થિતિમાં હોય છે, દિવાલો પર પાનની પિચકારીના ધાબાં નથી. મુંબઈથી આવેલા મારા જેવા માણસને માટે અત્યંત નિરાશા કેમ ન થાય?" શ્રોતાઓમાં હાસ્ય છવાઈ ગયું.

દિલીપ અને લક્ષ્મણ પટણા પણ સાથે ગયા હતા. દરેક પ્રસંગમાં લક્ષ્મણને લોકોનું ટોળું ઘેરી વળતું હતું અને તેને નિયંત્રિત કરવા માટે પોલીસની જરૂર પડતી હતી. બધી જગ્યાએ કોઈ પ્રદર્શનનું ઉદઘાટન કરવાનું રહેતું હતું. છેલ્લે એવા પ્રસંગમાં છટકવા માટે એમણે પ્રયાસ કર્યા ત્યારે આયોજકોએ કહ્યું કે આ તો માત્ર પાંચ મિનિટમાં પતી જશે. લક્ષ્મણે દિલીપ તરફ ફરીને ધીમેથી કહ્યું, આ કંઈ પાંચ મિનિટમાં પૂરું ન થાય, હાર તોરા થશે, ભાષણો થશે, ફોટોગ્રાફ લેવાશે, મોમેન્ટો અપાશે, પણ જોજો હું શું કરું છું તે. એમણે રીબીન કાપી અને યજમાનોને કંઈક કહીને નીકળી ગયા. દિલીપે આશ્ચર્ય અને અહોભાવથી પૂછ્યું, આ તમે કેવી રીતે કર્યું? લક્ષ્મણે કહ્યું, "મેં એમને એટલું જ માત્ર કહ્યું, 'આજે નહીં, આજે નહીં. મારે આજે બુધવાર છે.' ભારતમાં ધર્મનો ઉપયોગ કરીને છટકી જવાનો ઉપાય સૌથી સલામત ઉપાય છે."

ગૌતમ અધિકારીને પણ લક્ષ્મણ સાથે મુસાફરી કરવાનો લહાવો મળ્યો હતો. ઘણીવાર ડ્રાઇવિંગ કરતાં લક્ષ્મણની વાતથી હાસ્ય સમી ન જાય ત્યાં સુધી એમને કાર રસ્તાની બાજુએ લઈને ઉભી રાખી દેવી પડતી હતી.

કાનૂની બાબતો પર લખનારા એ. જી. નૂરાનીના કાળા અને ખૂબ જ વેસેલિન લગાડેલા વાળને તેઓ પેટન્ટ લેધર વાળ કહેતા. લક્ષ્મણે દંતકથા સમાન બની ગયેલી મહાન વ્યક્તિઓ સાથે કામ કર્યું હતું. પોતાના શહેર મદ્રાસમાં હિન્દુમાં કામ કર્યા પછી તેઓ મુંબઈ આવ્યા. ફ્રી પ્રેસ જર્નલમાં બાલ ઠાકરે સાથે કામ કર્યું, મિત્રાચારી થઈ અને ઠાકરે એમના ઠઠાચિત્રોનો વિષય પણ બન્યા. ત્યારબાદ તેમણે ટાઈમ્સમાં કામ મેળવવા પ્રયત્ન કર્યો અને સર ફ્રાન્સિસ લો ને મળ્યા. (અહીં એક જરૂરી આડ વાત જે આ પુસ્તકમાં નથી. સર ફ્રાન્સિસ લો પ્રથમ વિશ્વયુદ્ધ વખતે બ્રિટિશ લશ્કરમાં હતા. ૧૯૧૯ માં એમણે લશ્કર છોડ્યું, ૧૯૨૨ માં ટાઈમ્સમાં જોડાયા. ૧૯૩૨ થી ૧૯૪૮ સુધી તેઓ એના તંત્રી રહ્યા અને ભારતીય સ્વાતંત્ર્યની લડતને છેક આઝાદી સુધી આવરી લીધી.)

એમને યાદ કરતાં લક્ષ્મણ કહે છે, "Nice fellow, I zay." (લક્ષ્મણ say નો ઉચ્ચાર zay કરતા.) "એમણે મને કહ્યું, અમે કાર્ટૂન નથી આપતા પણ ઈવનિંગ ન્યુઝમાં તમને લઈ શકીએ." એક વખત એક કાર્ટૂન એમને વિશેષ પસંદ પડ્યું અને એ ટાઈમ્સમાં જવું જોઈએ એમ કહ્યું. આ રીતે અણધાર્યા જ ટાઈમ્સનો તેઓ નિયમિત ભાગ બની ગયા. આવી બીજી મહાન વ્યક્તિઓમાં તેઓ બર્ટ્રાંડ રસેલને પણ મળ્યા હતા. રસેલે એમને કહ્યું, ભારતે કંઈ નથી શોધ્યું, "Indians have discovered nothing" અને પછી ઉમેર્યું, " Don't look so angry, young man. I meant they are the ones who discovered the concept of zero."

સર ડેવિડ લો ન્યુઝીલેન્ડથી લંડન ગયા અને ૨૦મી સદીના સહુથી મહાન રાજકીય કાર્ટૂનિસ્ટ અને કેરિકેચરિસ્ટ થયા. એક વાર તેઓ લક્ષ્મણની કેબિનમાં જઈ ચડ્યા અને કહ્યું, "મને તમારું કામ તમે હિન્દુમાં હતા ત્યારથી જ ગમ્યું છે. હું હોંગકોંગ જઈ રહ્યો છું અને મારે તમને મળવા માટે મુંબઈ રોકાવું જ પડ્યું." લક્ષ્મણ એમને લઈને કારમાં નીકળ્યા. હવે આવે છે ટિપિકલ લક્ષ્મણની વાત: "મેં તેમને મરીન ડ્રાઈવ પરના ભવ્ય બિલ્ડીંગ્સ બતાવ્યાં અને કહ્યું, તમે લોકો ભારતને સાપના મદારીઓનો દેશ સમજો છો પણ એવું કંઈ જ નથી. બરાબર એ જ વખતે બીનનો અવાજ સંભળાયો અને ત્યાં એક સાપનો મદારી જોવા મળ્યો! સર ડેવિડ લો એક શબ્દ પણ ન બોલ્યા."

લક્ષ્મણ ટી. એસ. ઇલિયટ ને પણ મળ્યા હતા. એ મુલાકાત ગ્રેહામ ગ્રીને કરાવી આપી "જે મારા ભાઈના મિત્ર હતા." લક્ષ્મણના ભાઈ એટલે આર. કે. નારાયણ - માલગુડી ડેયઝ, ગાઈડ વગેરે રચનાઓના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત લેખક.

બ્રિટિશરો પછી આવેલા તંત્રીઓ ફ્રાંન્ક મોરાએસ, એન. જે. નાનપોરીયા, શામ લાલ, ગિરીલાલ જૈન સાથે ક્યારેય લક્ષ્મણને વિખવાદ થયો હતો? "કદી નહિ. અમે એકબીજાને સન્માન આપતા. ફ્રાંન્ક સરસ, નમ્ર માણસ હતા, હા ક્યારેક થોડા 'હાઈ ' (નશા માં) હોય."

શું એ સાચું છે કે તેઓ લડખડાતા ઓફિસમાં આવતા અને પીધેલી હાલતમાં સહુથી વધારે તીખા તંત્રીલેખ લખતા? લક્ષ્મણ: "Nonsense, I zay, that is all nonsense."

"બધા તંત્રીઓ સજ્જન હતા. તેઓ એકબીજાને મળે ત્યારે પુસ્તકો અને લેખકો પર ચર્ચા કરતા." બચી કહે છે, ક્યારેક રાજકારણીઓ અને સમકક્ષો વિશેની ગપસપ થતી. ખાસ કરીને ગીરિલાલ જૈન અફવાઓનો મસાલો પૂરો પાડતા. જ્યારે આ ગપસપ માત્ર અફવા ન રહી ત્યારે આવા ઉચ્ચ કક્ષાના તંત્રીના નિષ્કાસનનું મહત્વનું પરિબળ બની.

૨૦૦૩માં લક્ષ્મણને સ્ટ્રોક આવ્યો. ધીરે ધીરે એમના હાથનો ઉપયોગ શરૂ કરી શક્યા પણ એમની રેખાઓમાં પહેલાં જેવી ધાર રહી નહોતી.

\+ \+ \+

## ટાઈમ્સની બહારથી સારા પત્રકારોની શોધ

કલકત્તા જ્યારે દેશનું સહુથી બુદ્ધિમંત શહેર ગણાતું ત્યારની વાત છે. એ સમયે ગિરીલાલ જૈન ટાઇમ્સમાં મોટા ફેરફારો લાવવામાં અવરોધ રૂપ હતા એટલે એમને ખસેડીને નવા તંત્રીને લાવવાનો સમીર જૈન નો ઇરાદો હતો. તેઓ સારા પત્રકારોની શોધમાં હતા. અશોક જૈને ગૌતમ અધિકારીને કહ્યું, " મને કહેવામાં આવે છે કે ભારતના ટાઈમ્સની બહાર ભારતમાં કોઈ સારા પત્રકાર નથી." ગૌતમે કહ્યું, " ના સર, ઘણા પત્રકારો છે અને મને ખાતરી છે કે તેઓ ટાઈમ્સમાં ખુશીથી જોડાશે. ગૌતમ એક લિસ્ટ બનાવ્યું ,જેમાં ચંદન મિત્રા, સ્વપનદાસ ગુપ્તા અને જગ સુરૈયાનાં નામ હતાં. સ્વપ્ન અને ચંદન તો રાજકીય પ્રાણી હતા જ અને સ્વપન તો સ્ટેટ્સમેનની દિલ્હી આવૃત્તિમાં જ હતા. જગ સુરૈયા સ્ટેટ્સમેન છોડી શકે અને કલકત્તાના ઉન્નતભ્રુ વાતાવરણની બહાર નીકળીને ટકી શકે એ અસંભવિત જણાતું હતું. ગૌતમે પોતાના જૂના મિત્ર જગને પૂછ્યું, "આપણે મળી શકીએ?". જગને લાગ્યું કે ગૌતમ સ્ટેટ્સમેનમાં જોડાવા માંગે છે, તેમણે સુનંદા કે. દત્તા રે ને વાત કરી. દત્તાએ હોઠ પરથી સિગારેટ હોલ્ડર હટાવતાં કહ્યું, "એ આપણે માટે એસેટ થશે, એને કહો મને ફોન કરે."

એલફીન બારમાં બંને મળ્યા ત્યારે ગૌતમે જગને ટાઈમ્સમાં જોડાવાની ઓફર આપી. આશ્ચર્યની વાત એ હતી કે જગ એના માટે ઇચ્છુક હતા. બન્ને એટલા ઉત્તેજિત હતા કે બિલ ચૂકવ્યા વગર જ બહાર નીકળી ગયા. એ બિલ હજી બાકી જ છે. ચંદન મિત્રાએ પણ સંમતિ આપી. સ્વપનનો એક વર્ષ બાદ સંપર્ક કરવામાં આવ્યો.

એ ઉપરાંતની બાબત હતી ગિરીના સંભવિત ઉત્તર અધિકારી તરીકે દિલીપ પડગાઓકરને લેવાની. ત્યારે તેઓ યુનેસ્કોમાં હતા. ટાઈમ્સની ન્યુયોર્ક આવૃતિ કાઢવાની વાત ચાલતી હતી ત્યારે ન્યુયોર્ક જતા માર્ગમાં પેરિસ જઈને દિલીપ સાથે વાત કરવાનું ગૌતમ અને રમેશ ચંદ્ર એ નક્કી કર્યું ગૌતમ રમેશ ચંદ્ર કરતાં એક દિવસ અગાઉ પેરિસ પહોંચી ગયા. તેમણે દિલીપને ફોન કર્યો. દિલીપે મેટ્રોમાં ડુપ્લેક્સ સ્ટેશન આવી જવા કહ્યું. ગૌતમ ત્યાં પહોંચીને ખાલીખમ પ્લેટફોર્મ પર હાથમાં સૂટકેસ લઈને ચાલવા લાગ્યા ત્યાં તેમને ધુમ્મસમાંથી કોઈ વ્યક્તિ નીકળીને પોતાની તરફ આવતી જોઈ. આ ટ્રુફોટના ફિલ્મી દ્રશ્ય જેવું હતું.

બીજા દિવસે રમેશ ચંદ્ર આવી ગયા અને વાતચીતને અંતે દિલીપને વિદેશ સંવાદદાતા તરીકે નોકરી પણ લેવામાં આવ્યા.

### દિલીપ પડગાંઓકર

ગિરીલાલ જૈન સંપૂર્ણ સત્તા ધરાવતા છેલ્લા તંત્રી હતા. એમના અનુગામી દિલીપ પડગાંઓકર એક્ઝિક્યુટિવ એડિટરનો હોદ્દો ધરાવતા થયા. વધુ બોલકા અને ભભકદાર, વિકલીના પ્રીતિશ નાંદીની જેમ, તેઓ દીના વકીલના યાદગાર શબ્દોમાં ' an impresario editor' હતા. Impresario એટલે કોન્સર્ટ, બેલે, ઓપેરા જેવા જાહેર સમારંભોના વ્યવસ્થાપક. દીના એનો ઉચ્ચાર આ રીતે કરતાં: આમ - પ્ર - સ્સા - રી - ઓહ



સોસાયટી મેગેઝિન માટે શોભા ડે એ લીધેલા ઇન્ટરવ્યુમાં દિલીપે પોતાનાં પદને 'બીજા નંબરના સહુથી મહત્વના જોબ ' તરીકે ગણાવ્યું હતું અને આ આપવડાઈ કે બડાશને મેગેઝિનનાં મુખપૃષ્ઠ પર ચમકાવ્યું હતું. ક્ષોભિત થયેલા દિલીપે એવો બચાવ કર્યો કે એમણે તો એમના બોસ ગિરીલાલ જૈનને ટાંક્યા હતા પણ એ ખોટી રીતે એમના નામે ચડાવી દેવાયું હતું. ગૌતમ અધિકારીએ એ વાતને સમર્થન આપતાં કહ્યું હતું કે ગિરી ઘણી વાર કહેતા કે તેઓ દેશની બીજા નંબરની સહુથી મહત્વની વ્યક્તિ છે. બચી કહે છે, "અમે એમની પીઠ પાછળ મજાક કરતા કે એમનો સેક્રેટરી રોશન ૧૦ નંબરનો સૌથી અગત્યનો અને પટાવાળો ભગવતી ૧૭મો સૌથી અગત્યનો માણસ છે." એ જે હોય તે પણ તેનો વણકહ્યો ભાવાર્થ એ હતો કે ટાઈમ્સના તંત્રીના કાર્યનું મહત્વ વડાપ્રધાન પછીના બીજા નંબરનું નહિ પણ એનાથી ખરેખર તો વધુ હતું.

તંત્રી પદની આવી બડાશથી ટાઈમ્સના કર્તાહર્તા સમીર જૈન ગુસ્સાથી તમતમી ગયા હતા કે તેને બ્રાન્ડિંગની કુશળતા ગણીને એમાં રાચતા હતા એ બાબતે હજુ કંઈ ખાતરીપૂર્વક કહી શકાતું નથી.

દિલીપનો ટાઈમ્સ સાથેનો સંપર્ક એમની ૨૪ વર્ષની ઉંમરે ૧૯૬૮માં શરૂ થયો. એમનું એક લખાણ શામ લાલને ગમી ગયું. દિલીપે નોકરી માગી અને એ પણ મળી ગઈ. પાંચ વર્ષ એમણે ફ્રાન્સમાં સંવાદદાતા તરીકે ગાળ્યાં અને એમને પછી સહાયક તંત્રી તરીકે બઢતી પણ મળી. ૧૯૭૮માં યુનેસ્કોમાં જોડાયા અને પછી ત્યાંથી છૂટા થયા. ફરી ટાઈમ્સની ઑફર આવી અને તેઓ જોડાઈ ગયા. ફ્રાન્સના તેમના વળગણને કારણે ટાઇમ્સમાં એ વિશે મજાક પણ થતી. એમને પેફ્રી અને ફિલિપ્પ જેવા નામ પણ આપવામાં આવ્યાં હતાં.

પત્રકારોને રસપ્રદ લોકોને મળવાનું વધારે બનતું હોય છે, શબ્દો પર સારું અધિપત્ય હોય છે, એટલે તેઓ પાર્ટીમાં સરસ વાર્તાકથનની આવડત ધરાવતા હોય છે અને મીમીક્રીની કુશળતા બહુ મજેદાર હોય છે. અતિશયોક્તિભરી વાતો બનાવી કાઢવામાં દિલીપ અજોડ હતા. રાત્રી ભોજન પછીની એમની અતુલ્ય સ્ટાઈલમાં એમણે શામ લાલ વિશે કેટલીક વાતો કરી હતી. પેરિસમાં એમના નાનકડા પુત્રને શામ લાલ પાસે છોડીને પતિ પત્ની બહાર ગયાં હતાં એ કિસ્સો શામ લાલની વહેવારિક સમજના અભાવનો રમૂજી પુરાવો છે. ટ્રાફિક પોઇન્ટ પર ભીખ માગતાં નાના બાળકો પર એમનું બિલકુલ ધ્યાન ન જતું એ એક

વક્રોક્તિ સમાન હતું. ભારતની દારુણ ગરીબી અને હાંસિયામાં ધકેલાઈ ગયેલાને સહાય કરવા અંગે આગ્રહપૂર્વક લખતા શામ લાલ ભીખ માગતા બાળકો પર નજર પણ નાખતા ન હતા. બચી કરકરીયા કહે છે તેમ તેઓ છપાયેલા શબ્દોના કેદી હતા. તેઓ 'અદીબ'ના તખલ્લુસ થી 'લાઈફ એન્ડ લેટર્સ' નામની સાપ્તાહિક કોલમ લખતા. બૌદ્ધિક વિશ્લેષણાત્મક રજૂઆત સાથેના ફ્રેન્ચ અસ્તિત્વવાદ, જર્મન પત્ર લેખન, સામ્યવાદી શાસનના વિરોધ મત કરાવનારા પોલીશ નાટકો વગેરે વિષય પર એમના લેખોનો એક વિશેષ વાચક વર્ગ હતો. એમના લખાણ કોઈ પણ ક્ષુલ્લક બાબતો અંગે ઉપહાસપૂર્ણ, વેધક, તિરસ્કારપૂર્ણ હતાં; એક સમર્થ લેખક તરીકેનું અંગ્રેજી ભાષાનું તેમનું લચીલાપણાનું એ મહાન દર્શન હતું. એમનો એક નાનો પણ સંપૂર્ણ રીતે ચાહનારો અનુયાયી વર્ગ હતો.

\+ + +

## ૫૦% પારસી ૫૦% જાપાનીસ ૧૦૦% બૌદ્ધિકઃ એન જે નાનપોરિયા

એક પ્રકરણનું નામ બચીએ આપ્યું છે '૫૦% પારસી ૫૦% જાપાનીસ ૧૦૦% બૌદ્ધિક' આવા એક તંત્રી હતા એન જે નાનપોરિયા. દુનિયાના દરેક અંતર્મુખી તંત્રી અંગે કહેવાયું છે તેમ નાનપોરિયા વિશે પણ એવી એક વાર્તા ચાલે છે કે તેઓ ભાગ્યે જ કોકટેલ સર્કિટમાં જતા હતા એવી એક પાર્ટીમાં એક વ્યક્તિએ એમની સાથે વાતચીત શરૂ કરી. નાનપોરિયા થોડા ક્ષુબ્ધ હતા પણ એ વ્યક્તિ છોડતી ન હતી. એમણે ચીન અને જાપાન વચ્ચેના ફર્કની વાત જાણવા પ્રયત્ન કર્યો. નાનપોરિયાને આશ્ચર્ય થતાં એ વ્યક્તિ શું કરે છે એ અંગે પૂછ્યું. પેલાએ જરા મૂંઝવણ સાથે કહ્યું, "સર, હું આપનો ન્યુઝ એડિટર છું."



રવિવારે ચોર બજારની મુલાકાત લેવાની એમનો ક્રમ હતો. અસાધારણ બુદ્ધિ ધરાવતા નાનપોરીયા સિદ્ધહસ્ત લેખક હતા. એમના પુરોગામી ફ્રાન્ક મોરાએસની જેમ એમની લેખન શૈલી ખૂબ સુંદર હતી. બંનેને પોતાના સ્ટેનોને ડિકટેટ કરાવતાં કરાવતાં વિશાળ ખંડમાં આંટા મારવાની આદત હતી. ફ્રાન્કનો મદદનીશ શોર્ટ હેન્ડમાં લખતો, નાનપોરિયાનો સ્ટેનો સીધું ટાઈપરાઇટર પર ઉતારતો. વિરામચિહ્ન સહિત અણીશુદ્ધ રીતે ઘડાયેલાં વાક્યો અને સંપૂર્ણ રીતે સર્જાયેલા વાક્યખંડોનો અસ્ખલિત પ્રવાહ જે રીતે વહેતો હતો એ એક અનંત અચમ્બો પમાડતી બાબત હતી અને એટલી જ આશ્ચર્યજનક વાત એ હતી કે તેઓને ક્યારે અટકવું એનો પણ બરાબર ખ્યાલ રહેતો. અખબાર જગતની ભાષામાં ૩-૪-૫ કોલમ તરીકે જાણીતી તંત્રી લેખનાં પાનાંની ખાસ જગ્યા માટે જરૂરી હોય બરાબર એટલા જ શબ્દોની સંખ્યા જેટલી જ એડિટની સામગ્રી તેઓ ડિક્ટેટ કરાવતા. બંને એમના સ્ટેનોના કામ પર નજર ફેરવી લેતા પણ એડિટિંગ ન કરતા અને એમની કોપીમાં ક્યારેય પણ કાપકૂપ કરવી ન પડતી, કોઈ હિંમત પણ ન કરતું.

\+ + +

## જગ સુરૈયા

જગ સુરૈયાને બહાર રાખીને ટાઈમ્સની વાત ન કરી શકાય. એમનું નામ રમુજી પ્રસિદ્ધ કોલમ 'જગ્યુલર વેઇન'ને કારણે જાણીતું છે. કાર્યકારી તંત્રીથી સ્વતંત્ર એડિટ પેજના તંત્રી તરીકેની જવાબદારી તેઓ

સંભાળતા હતા. એમનો વિષય અને મૂડ આગલી રાતે ગુડગાંવમાં એમને ઘરે ઇલેક્ટ્રિસિટી હતી કે નહીં એની પર અને સવારે લાંબી ડ્રાઇવ કરીને આવતા ટ્રાફિકની પરિસ્થિતિ પર આધારિત રહેતા. એમની સિનિયર તંત્રીઓની વૈવિધ્યપૂર્ણ ટીમમાં વિજ્ઞાન લેખક મુકુલ શર્માથી માંડીને સંરક્ષણ વિશ્લેષક કે. સુબ્રમણ્યમ જેવાનો સમાવેશ થતો હોવાથી ચર્ચાની શક્યતાઓ અને તંત્રીલેખોના વિષયો અમર્યાદ હતા.

એક વાર અણુપ્રસારબંધી અને વિદેશ નીતિ જેવા વિષયો પર લખનારા સિદ્ધાર્થ વરદરાજન અત્યંત અકળાયેલી મનોસ્થિતિમાં મિટિંગમાં બોલી ઉઠ્યા, "પેલી જાજરમાન સ્ત્રી - એ કેવી રીતે ગમે તે અજાણી વ્યક્તિને પરણી જઈ શકે ? પોતાની પ્રતિષ્ઠા પ્રત્યે, તેના પ્રશંસકો પ્રત્યે અને દેશ પ્રત્યે પણ તેમની જવાબદારી છે."  બોલીવુડની રાણી માધુરી દીક્ષિતનાં લગ્ન વિદેશ નિવાસી ડો. નેને સાથે થવાથી આ ઉભરો બહાર આવ્યો હતો. સિદ્ધાર્થ આ વાતને પૂરી ગંભીરતાથી લેતા હતા, તેથી જગ સુરૈયાએ એમને કહ્યું, " ઠીક છે, આ



બાબતમાં તમારી આટલી ઉગ્રતાભરી લાગણી છે, તો એના વિશે તંત્રીલેખ લખો. સિદ્ધાર્થ કહે, " સારું હું થર્ડ એડિટ લખીશ." "નહિ , મારો મતલબ છે લીડ એડિટ," જગે સ્પષ્ટતા કરી. સિદ્ધાર્થે જુલિયા રોબર્ટની એ જ વર્ષે હિટ થયેલી ફિલ્મ ના નામ પરથી Runaway Bride શીર્ષકથી લખ્યું અને વાંચકોના પત્રોનો અભૂતપૂર્વ ધસારો થયો. વાચકોની લાગણી પણ સિદ (સિદ્ધાર્થ) જેવી જ હતી અને જગ સુરૈયાએ પોતાના મગજને મહત્વની જણાતી બાબત કરતાં વાંચકોના હૃદયને સ્પર્શતા વિષય માટે ફર્સ્ટ એડિટની ઉચ્ચ પરંપરા તોડવાની તૈયારી બતાવી.

એમની ટીમના એક વિશેષ સભ્ય હતા કે. સુબ્રમણ્યમ, પ્રખ્યાત સ્ટ્રેટેજીક વિશ્લેષક જે પછી ભારત સરકારના સિક્યુરિટી સલાહકાર બન્યા. (વર્તમાન સમયના સંદર્ભમાં એક વધારાની ઓળખઃ હાલના વિદેશ મંત્રી એસ જયશંકરના તેઓ પિતા થાય). એમના આક્રમક અભિગમને કારણે એડિટ ટીમના અન્ય એક સભ્ય તરફથી એમને 'બોમ્બ મામા'નું નામ મળ્યું હતું. પણ તેઓ શાંતિવાદી હતા અને એમને કહેતા કે તમારા પરમાણુના સર્વનાશના અંતે માત્ર વંદો જ બચશે.

સર્જનાત્મકતા વિશેના રહસ્ય અંગે એમનો મત એવો હતો કે એ કોઈ મોટી વાત નથી. કોઈ પણ બાબતમાં કોઈ પણ લખી શકે અને એક તંત્રી લેખ તમે ૩૦ મિનિટમાં લખી શકો.

જગ પોતાની એકાંતપ્રિયતા માટે કુખ્યાત હતા અને મોટાભાગની માનવીય પ્રજાતિઓના અસ્તિત્વને માન્ય નહોતા કરતા. એમની એક વધુ પ્રસિદ્ધિ પામેલી ઘટના એ ખરેખરા જગ અંગેની હતી. નવો પટાવાળો એની એમની કેબિનમાં તાજું પાણી ભરી આપવા માટે પ્રવેશ્યો અને અચકાતાં બોલ્યો,

"સર, જગ."

"બોલો, શું કામ છે?" સુરૈયાએ કહ્યું.

"જી સર, જગ."

આમ થોડી વાર ચાલતું રહ્યું પછી ગુસ્સે થયેલા તંત્રીને જવાબ આપતાં પાણીના જગ સામે આંગળી ચીંધીને પટાવાળાએ નાના બાળકને સમજાવતો એમ કહ્યું " પા...ણી."

નારાયણી ગણેશન એડિટ પેજમાં જોડાયાં પછી કામ અંગે પ્રવાસમાં ગયાં ત્યારે બીજા યુવાન પત્રકારો એમને પૂછતા કે તમે કોને જવાબદાર છો? એ લોકોને ખબર પડે કે નારાયણી સુરૈયા સાથે કામ કરે છે ત્યારે તેઓની આંખો આશ્ચર્યથી પહોળી થઈ જતી, "જગ સુરૈયા! કેટલા ભાગ્યશાળી! એ કેટલા રમુજી છે, તમારો કેવો રમુજ ભર્યો સમય જતો હશે!" વર્ષો પછી એટલી હિંમત આવી ગઈ હતી એટલે જગ પાસે આ વાત કરતાં તેમણે ઉમેર્યું, " તેઓને ક્યાં ખબર છે કે તમે આવા ખરાબ સ્વભાવના છો!" અલબત્ત, જગની સર્વસંમતિ સાથે કામ કરવાની રીતની તેઓ પ્રશંસા કરતાં.

\+ + +

ઇન્ડિયન એક્સપ્રેસની જેમ કટોકટીનો સામનો કરવા માટે ખડા ન રહેવા માટે ટાઈમ્સની ટીકા કરવામાં આવી હતી પરંતુ અખબારની માલિક કંપની, બૅનેટ કૉલમેન, નાં બોર્ડમાં સરકાર દ્વારા નિયુક્ત બે અધિકારીઓને કારણે પણ એ બન્યું હોય તે સંભવિત છે; છતાં ઇમર્જન્સી ઉઠી ગયા બાદ શામલાલ ની સામે આ માટે ઘણો વિરોધ વ્યક્ત થયો હતો. તેઓ ઇન્દિરા તરફી ન હતા પણ દિલ્હીના રેસીડેન્ટ એડિટર ગિરીલાલ જૈન તો ઇન્દિરા તરફી જ હતા.

\+ + +

નિવૃત્તિ પછી શામલાલ મુંબઈ આવે ત્યારે ગૌતમ અધિકારીને ચર્ચગેટ સુધી ચાલવા માટે બોલાવતા અને ગેલોર્ડના ખુલ્લા વિભાગમાં બેસીને અંધારું થઈ જાય ત્યાં સુધી ગોષ્ઠિ કરતા. ગૌતમ કહે છે કે શામલાલને ગોસીપ બિલકુલ ગમતી નહીં પણ ગીરીલાલ જૈનને બહુ પસંદ હતી.

\+ + +

ટાઈમ્સના મ્યુઝિયમ જેવા બચી કરકરિયાના આ દસ્તાવેજની રસાળતા એનું મજબૂત જમા પાછું છે, તો બીજી બાજુ ફ્રાન્ક મોરાએસ વિશે સંપૂર્ણ મૌન રહેવું - ખાસ કરીને ટાઈમ્સ છોડીને અસંખ્ય પત્રકારો સાથે ફ્રાન્ક સાગમટે ઇન્ડિયન એક્સપ્રેસમાં જોડાયા એવી ઘટના વિશે કોઈ ઉલ્લેખ ન હોય - એ બાબતને પણ એની ખામી ગણી શકાય.

\+ + +

## બ્રેઇન ટ્રસ્ટ

તંત્રીઓની કોન્ફરન્સ ટાઇમ્સનું બ્રેઇન ટ્રસ્ટ હતું જે તેના એડિટ પાનાને ઘાટ આપતું હતું. એમાં ૧૯૭૦ અને ૧૯૮૦ ના દશકોમાં ઇન્દર મલ્હોત્રા, કે. સી. ખન્ના, એ. એસ. અબ્રાહમ, એમ. વી. મેથ્યુ અને પ્રેમશંકર ઝા ઉપરાંત રાહુલ સિંહ, ડેરિલ ડી મોન્ટે, ગૌતમ અધિકારી જેવા પત્રકારો હતા જેમાંના મોટા ભાગના ઑક્સબ્રિજ થી આવેલા હતા; તે સમયની એ પ્રણાલી હતી. મંદિરના ગર્ભગૃહ જેવી તંત્રીઓની ઓફિસમાં મળતી આ મીટીંગોમાં તેઓ રાજ્યના સંચાલનની કામગીરી બજાવે છે એવું માનતા.

તંત્રી અને મૅનેજમૅન્ટનું વડું મથક ૧૯૮૦ ના દશકના છેલ્લા ભાગમાં દિલ્હી ખસેડાયું ત્યારે લક્ષ્મણે મુંબઈથી ખસવાનો ઇનકાર કર્યો. એમની માન્યતા એવી હતી કે સત્તાના રાજકીય સૂર્યની વધુ નજીક જવાથી એમની વસ્તુલક્ષિતા ઓગળી જશે.

આ તંત્રીમંડળની મીટીંગ વર્ષો જૂની પ્રણાલી દ્વારા સ્થપાયેલી હતી. દરેક તંત્રી પોતાની સાથે પોતાની ગંભીરતા અને વિચિત્રતાઓ લાવતા. તંત્રીઓ બધા પુરુષ હતા, એ જાતીભેદની રેખા ફાતમા ઝકારીયાએ ગિરીલાલ જૈનના સમયમાં તોડી. પ્રોફેસર જેવા શામલાલના સમય કરતાં ગિરીલાલના કાળમાં આ બેઠકો વધુ શાહી ઠાઠવાળી બની. એ બેઠકો બરાબર દસ વાગ્યે શરૂ થતી અને મદદનીશ તંત્રીઓ પોતાની કેબીનમાં તૈયાર રહેતા. ગિરીનો પટાવાળો ભગવતી દરેકની પાસે જઈને સંદેશો આપતો, "ચાય તૈયાર છે."

ગિરીલાલ ચામાટેની આ મિટિંગમાં પોતાની પાઇપ સળગાવી સુદૂર દ્રષ્ટિપાત કરતા, વિશ્વની પરિસ્થિતિ વિશે ગંભીર કથન કરતા; ત્યારબાદ હિન્દુ માનસ અને ભારતના 'આઈડિયા 'જેવી કોઈ ઉચ્ચ કક્ષાની વાતો વિશે કે મોટા વિખવાદો વિશે વાત કરતા પણ વિંધ્યની દક્ષિણ પછીની બાબતોમાં એમને કંઈ રસ ન હતો. એમના માટે રાષ્ટ્રની વ્યાખ્યા તેને જોડી રાખે એવા મજબૂત કેન્દ્રમાંથી ઉદભવતી હતી. તંત્રીના મોટા ડેસ્ક ફરતા સહાયક તંત્રીઓ બેસતા જેમાં એ .એસ. અબ્રાહમ સહુથી સિનિયર હતા, એ વચ્ચે બેસતા, અને એમને ફરતાં સચિન વિનાયક, ગૌતમ વોરા, પ્રફુલ બીડવાઈ અને ફાતમા ઝકારીયા ગોઠવાતાં. ક્યારેક દિલ્હીથી આવેલા પ્રેમશંકર ઝા કે ઇન્દર મલ્હોત્રા પણ હાજરી પુરાવતા. લક્ષ્મણ આ બધામાં એમના ઉચ્ચતર સ્થાનને કારણે આ અર્ધવર્તુળની બહારની ધાર પર બેસતા અને બીજા છેડા પર ગૌતમ અધિકારી બેસતા. લક્ષ્મણ ગિરીની નજરની બહાર રહે.કારણ કે તેઓ આર કે લક્ષ્મણ હતા એટલે તેઓ ચહેરાના હાવભાવ બનાવ્યા કરતા અને તંત્રી પાઇપ ફૂંકતા હોય ત્યારે એમની નકલ કરતા. આ બધું તેઓ ગૌતમની નજર સામે કરતા એટલે ગૌતમ માટે ભારેખમ ચર્ચાઓમાં ધ્યાન આપવાનું અને હસી ન પડાય એનું પણ ધ્યાન રાખવાનું મુશ્કેલ હતું. એક કલાકની છેલ્લી પંદર મીનીટ મૂળ હેતુ માટે વપરાતી.

એડિટ સોંપાઈ ગયા પછી ભોજન પહેલાં એ પૂરું કરવાનું રહેતું. આ બધા એડિટ ગિરીના બે અંગત મદદનીશને મોકલવામાં આવતા. તેઓ શબ્દની સંખ્યા અને સ્પેસ બરાબર ગોઠવીને સહાયક તંત્રીઓને પાછું મોકલતા. ગિરી સામાન્ય રીતે ડિરેક્ટર્સ લંચ રૂમમાંથી ટ્રે મંગાવતા અને ફાતમા તથા કદાચ લક્ષ્મણ સાથે ભોજન કરતા. ક્યારેક એમનો જ્યોતિષી આવી ચડતો. ભોજન બાદ કેબીનની બત્તી બુઝાવીને તેઓ ૩૦ મિનિટ ઝોકું ખાઈ લેતા. તાજામાજા થઈને તેઓ તંત્રીલેખ પર આવતા. ક્યારેક એ લેખો કાપકૂપ વિના બહાર આવતા, તો ક્યારેક સંપૂર્ણ રીતે ફરી લખતા. એમાં પણ વિષય જો ઇન્દિરા ગાંધી કે કોઈ મહત્વના રાષ્ટ્રીય મુદ્દાઓ હોય તો એમાં ગિરીની છાપ સ્પષ્ટ કળાતી.

બપોરના ૩:૩૦ સુધીમાં એડિટ તૈયાર થઈ જતા પણ પછીના બે કલાક સુધી તેઓએ ઓફિસમાં રહેવું પડતું. એ સમયમાં પુસ્તકો, અખબારો અને સામયિકોના વાચનથી તેઓ પોતાને વધુ સજ્જ રાખવા પ્રયત્ન કરતા રહેતા.

ગિરી પછીના સમયમાં એડિટ પેજને સ્વતંત્ર અસ્તિત્વ આપવામાં આવ્યું. એનો અખત્યાર એડિટ પેજના તંત્રીને સોંપાયો, જે એક્ઝિક્યુટિવ તંત્રીને જવાબદાર નહોતો. સમાચાર જે રીતે રજૂઆત પામતા એનાથી તંત્રીની ટિપ્પણીનું અંતર જાળવવા માટે એમ કરવામાં આવ્યું હતું.

*****

મહાકાય ટાલિયા ટેડી બેર જેવા પ્રેમ શંકર ઝા સહુથી વધુ અવ્યવસ્થિત સહાયક તંત્રી હતા. સવારે



જીમમાંથી જ સીધા એડિટ મિટિંગમાં આવતા અને અચૂક મોડા પડતા. પરસેવાથી નીતરતા, હેલ્મેટ અને રેકેટ હાથમાંથી અણઘડ રીતે પાડતા અને કહેતા, " માફ કીજીએ શામ લાલજી, માફ કીજીએ.". શામ લાલ આ માણસનું શું કરવું એ નક્કી ન કરી શકતાં મિટિંગ આગળ ચલાવતા.

પ્રેમનો હસ્તલિખિત તંત્રીલેખ સદાયે ગુમ થયા કરતો, તેઓ ગુસ્સા અને અકળામણથી બબડાટ કરતા અને વીસ મિનિટમાં ફરી લખી કાઢતા. હજી કોમ્પ્યુટર આવ્યાં ન હતાં; કેટલાકે ટાઇપરાઉટરને અનિવાર્ય અનિષ્ટ તરીકે સ્વીકારી લીધું હતું તો બીજા થોડા એવા હતા જેઓ ફાઉન્ટન પેનને વળગી રહ્યા હતા. એવા લોકોમાં જગ સુરૈયા આખર સુધી ટકી રહ્યા હતા.

પ્રેમ હંમેશા ધાંધલિયા હતા, જે તે સમયે એમના ચિત્તનો કબજો જમાવી બેઠેલી બાબત અંગે ઉગ્રતાથી વાત કરતા; કોઈ પણ ચાલી રહેલી વાત પર બુલ્ડોઝર ફેરવી દેતા. એક વાર. વિયેતનામ યુદ્ધ પર પંદરેક મિનિટથી વાત ચાલતી હતી એવામાં ગુસ્સાથી ધમધમતા પ્રેમ ધસી આવ્યા અને બોલ્યા, "શામ લાલજી, અરબી સમુદ્રમાં ઠલવાઇ રહેલા આટલા બધા કચરા અંગે આપણે તંત્રીલેખ કરવાની જરૂર છે."

બચીના શબ્દોમાં, "તેઓ અને તેમની પત્ની ઉષા મિલનસાર દંપતી હતાં પણ મૃદુભાષી અને ગ્રેસફુલ ઉષા કમળ તળાવડીનું પાંદડું હતાં, જ્યારે પ્રેમ વિષવમન કરતા મહાસાગરના મંથન જેવા હતા."

*******

સમીર જૈને એમની આગવી ચાલ દ્વારા યુયુત્સુ અરુણ શૌરીને ટાઇમ્સમાં લઈ આવીને ગિરીલાલ જૈનના આત્મસંતોષને બરબાદ કરી નાખ્યો. એ બન્ને એક બીજાના પહેલેથી જ વિરોધી રહ્યા હતા. પંજાબ સમસ્યા ત્યારે ટોચ પર હતી અને ખાલિસ્તાનીઓ વિરુદ્ધમાં તેઓ બંને ઉગ્ર ભાષામાં લખતા હતા તેથી એમના માટે અંગત સિક્યોરિટી ગાર્ડ રાખવામાં આવ્યા હતા. એ કારણે એવી જોક ચાલી રહી હતી કે આ બંને 'વાઈલ્ડ વેસ્ટ'ની રીતે શૂટ આઉટ કરીને એકબીજાના મતભેદનો નિકાલ કેમ નથી કરી નાંખતા?

\+ \+ \+

## સ્ટાર એડિટર: ખુશવંત સિંહ

પહેલા જ દિવસે ઓફિસના સમયથી ૪૫ મિનિટ પહેલાં સવારે ૮:૪૫ વાગ્યે ઓફિસમાં પગ મુક્યો એ એક ક્ષણે જ એમનો બિનપરંપરાગત ક્રમ શરૂ થઈ ગયો. ઇલસ્ટ્રેટેડ વીક્લી ઓફ ઇન્ડિયાનો પટાવાળો મનોહર ફર્નિચરને ઝાપટીને સાફ કરતો હતો ત્યારે તેણે એક ઢીલા જૂના પેન્ટ અને ટીશર્ટ પહેરેલા

લઘરવઘર સરદારને જોયા. નવા સરદારના આગમન પહેલા જ સરદારોનું આક્રમણ શરૂ થઈ ગયું એમ બબડતાં તેમણે કહ્યું , "એડિટર અભી તક નહીં આયે હૈ." આગંતુકે કહ્યું, " મૈં હી એડિટર હું."




આ દ્રશ્ય સાથે સરદાર ખુશવંતસિંહનો વીકલીમાં પ્રવેશ થયો.

ડેન્ટિસ્ટના વેઇટિંગ રૂમમાં જોવા મળતા કુતરાના કાન જેવા વળી ગયેલા પાનાવાળા ઇલેક્ટ્રીટેડ વીકલીને ઉગાર્યું ખુશવંતસિંહે અને પછી તેને સર્ક્યુલેશનના રેકોર્ડ તોડી નાખતું લોકપ્રિય સામયિક બનાવ્યું. એમણે સામયિક પત્રકારત્વને તેની બોચીએથી ઝાલીને ઝંઝેડી નાખ્યું અને વાંચનક્ષમ બનાવવાની નવી ફોર્મ્યુલા બતાવી, જેને આજે પણ અખબારો અને સામયિકો અનુસરે છે.

કુખ્યાત સીરીયલ ખૂની રમણ રાઘવ પર ચાલતા ખટલા દરમિયાન કોર્ટમાં જાતે હાજરી આપીને તેના પરના લેખોની શૃંખલા કરી. તેઓ સામાજિક પ્રવાહના જાણકાર હતા, એટલે નવા ધનપતિઓ અને ઓશોના વિશાળ અનુયાયી વર્ગ અંગે અતિ સફળ કવર સ્ટોરી કરી, ક્રિકેટ પર લંબાણપૂર્વક લખાણો આપ્યા; રાજકારણ, વિજ્ઞાન, સ્પોર્ટ, સાહિત્ય, બધા જ ક્ષેત્રની નામી વ્યક્તિઓએ ખુશીથી વીકલી માટે લખ્યું, એમના સુસજ્જ સબ - એડિટરોએ પોતાનાં અઘરાં ભારેખમ ગદ્યને સામાન્ય અંગ્રેજીમાં ફેરવીને રજૂ કર્યું અને એની સાથે જોક્સ આપવાનું શરૂ કર્યું. એ બધું આટલા ઉત્સાહપૂર્વક થયું એના માટે વધારાનું વળતર ચુકવવામાં આવ્યું એ પણ એક કારણ હતું. લોકો પોતાની જ્ઞાતિઓ સાથે લાગણીના બંધનોથી જોડાયેલા હતા એ બાબત પર પણ એમનું ધ્યાન ગયું અને ભારતની અગણિત જ્ઞાતિઓ પર કવર સ્ટોરી કરીને એ લોકોને વીકલીના આજીવન ચાહક બનાવી દીધા. સન્માન્ય ભારતીય પત્રકારત્વના તેઓ પહેલા માર્કેટિંગ એડિટર હતા.

ખુશવંત જેવા સફળ નવલકથા લેખકને બેનેટ કૉલમેન કંપની લિ. દ્વારા વીકલીને સંભાળી લેવા માટે સમજાવવામાં આવ્યા. પણ એમના પ્રત્યાઘાત વીકલીમાં વિપરીત આવ્યા, "એ મોટા લેખક હશે પણ સામયિકને એડિટ કરવામાં શું જાણતા હોય?" આમ થવાનું મુખ્ય કારણ એ હતું કે તેઓમાંના એક આસિસ્ટન્ટ એડિટર સુબ્રોતો બેનર્જીની બદલે આ નિમણૂક થઈ હતી. પૂર્વ તંત્રી એ એસ રામને વીકલી છોડ્યા પછી સુબ્રતો બેનરજીને કાર્યકારી તંત્ર બનાવાયા હતા. આ બધા ટીકાકારો સરદારનો જાદુ જોઈને અને વિશેષ તો તેઓ વીકલીમાં બિનઅધિક્રમિક (non-hierarchical ) મિત્રાચારી લાવ્યા એ કારણે એમના પ્રશંસક બની ગયા.

તેમનો વધુ ગંભીર ગુનો એ હતો કે અમને શહેરના ધનવાન અને ખ્યાતિવાન માણસો સાથે ઓળખાણ કેળવવા સારા રેસ્ટોરમાં લઈ જવાની બદલે તેઓ જ્યોર્જ અને કેફેક્સ જેવા ફોર્ટ વિસ્તારના એમના માનીતા ઇરાની રેસ્ટોરમાં લંચ માટે લઈ જતા હતા. બચી કરકરિયા યોગ્ય રીતે બચાવ કરતા કહે છે જ્યારે એ જાતે જ ધનવાન અને ખ્યાતિવાન હતા, તો એમણે એવી ફિકર શાને કરવી જોઈએ? પરંતુ છેડાયેલા સિનિયરોએ એમને 'બિરયાની બ્રિગેડ' તરીકે ઉતારી પાડ્યા હતા વાસ્તવમાં ખુશવંત તો કોન્સ્યુલેટ્સના કોન્સલ જનરલ ને પણ કોરોનેશન દરબાર જેવી જગ્યાએ લઈ જતા.

બચી કરકરિયાને વીકલીમાં ખુશવંતના શાસનકાળ સમયે તાલીમાર્થી તરીકે કામ કરવાનો અમૂલ્ય લાભ મળેલો. એ જ રીતે પછીથી પ્રસિદ્ધિ મેળવનારા અન્ય યુવાનોમાં એક મિનહાસ મર્ચન્ટ પણ હતા. ખુશવતં સિંહ લોકશાહીવાદી હતા. પ્રિતેશ નાંદી કરતાં સ્વભાવ, વર્તન, દેખાવ, બધી જ બાબતમાં તેઓ ખૂબ સાદા અને સરળ હતા. અસુઘડતાને એમણે એમની વેશભૂષાની સ્ટાઈલ બનાવી હતી. એમણે પોતાનાં આગવાં સામાજીક ધોરણો સ્થાપ્યાં હતાં. બચીના શબ્દોમાં, ભોજન પર નિમંત્રણ આપનારી 'મલબાર હિલ કી મૈના' જેવી મહિલાઓને દરવાજે આઠ વાગે પહોંચીને નવ સુધીમાં ભોજનનો આગ્રહ રાખીને ફફડાટ ફેલાવતા ખુશવંત સિંહ પાર્ટીઓમાં પોતાના વ્હીસ્કીના બે પેગ સાથે લઈ જતા. પોતાના મહેમાનો પણ સાંજના સાત વાગ્યાના સમયે અચૂક આવી જાય એવું ઈચ્છતા. એમને ઘરે આવેલા ગમે તેવા ચમરબંધીને ૧૦ વાગ્યા પહેલાં વિદાય કરી દેતા. એક વાર વડાપ્રધાન રાજીવ ગાંધી એમને મળવા જવાના હતા પણ તેઓ રાતે દશેક વાગ્યે પહોંચ્યા ત્યારે ખુશવંત સિંહ સૂઈ ગયા હતા. એમને જગાડવામાં આવ્યા અને થોડી વાર વાતચીત કરીને રાજીવ વિદાય થઈ ગયા.

સવારે ખૂબ વહેલા ઉઠીને જીનસેંગની ચા પીને ટેનિસ રમવા જતા, રસ્તામાં કુદરતના નજારા નિહાળતા જતા. ઋતુઓના બદલાતા રંગો વિશે એમને Nature Watch નામની એક નાનકડી પુસ્તિકા લખી છે. પછી એમનો લેખનકાર્યનો સમય શરુ થતો. તેઓ પોતાનું લેખન વિદેશથી મંગાવેલી A 3 સાઈઝની નોટબૂકમાં કરતા. પોતાની ઘસાઈ ગયેલી જૂની બ્રીફ કેસમાં એ નોટબુકો અને ક્રોસ વર્ડ માટે લંડનના ધ ટાઇમ્સ ભરીને ઓફિસમાં લઈ જતા. ઓફિસમાં અલી સરદાર જાફરી અને કૈફી આઝમી જેવા તેમજ અન્ય ક્ષેત્રના અનુભવો નિયમિત એમને મળવા આવી જતા. આકર્ષક રમણીઓની પણ કમી નહોતી. એમાં સાહિત્યિક મહત્વાકાંક્ષા ધરાવતી અથવા પોતાની પાર્ટીઓને ઝમકદાર બનાવવા માટે ટ્રોફી ગેસ્ટ તરીકે ઇચ્છતી સ્ત્રીઓ અને નૃત્ય ઇતિહાસકાર સુનિલ કોઠારી સાથે મુલાકાતે આવી જતી ઇલોરાના શિલ્પ જેવી નૃત્યાંગનાઓનો પણ સમાવેશ થતો.

લબ્ધપ્રતિષ્ઠ ઉર્દૂ નવલકથાકાર, સાહિત્ય એકેડેમી, જ્ઞાનપીઠ અને પદ્મભૂષણના એવોર્ડ અને ખિતાબ જીતનાર કુર્રતુલએન હૈદર ખુશવંત સિંહના આગમનના થોડા સમય પહેલાં જ મદદનીશ તંત્રી નિમાયાં હતાં. વસ્ત્ર પરિધાનમાં તેઓ ખુશવંત સિંહ જેટલા જ બેપરવા હતા એ સિવાય બંને તદ્દન એકબીજાથી વિપરીત હતાં. તેઓની અથડામણ એ કારણે થતી કે ખુશવંત સિંહ ઇઝરાયેલના સમર્થક હતાં., કુર્રતુલએન પેલેસ્ટાઇનનાં. ખુશવંત સિંહનાં લખાણ વાંચીને તેઓ એમની કેબિનમાં ધસી જતા અને એમને તતડાવી નાખતાં. ખુશવંત સિંહ અસહાય બનીને તેમને સાંભળી લેતા. સ્કૂલથી પાછા ફરતા આઠ વર્ષના ફરીદ ઝકારીયા પોતાની માતા ફાતમા ઝકારીયાને લેવા આવે ત્યારે, ખુશવંતને મહાત કરનારા તેઓ, ફરિદની અભદ્ર જણાતી ટિપ્પણીઓથી છોભીલાં થઈ જતા. તેઓ પોતાના લખાણોથી અને પોતાની હાજરીથી વીકલીને વજનદાર બનાવતા હતા. પોતાનું લખાણ પહેલા ઉર્દૂમાં લખીને પછી તેનું અંગ્રેજીમાં ભાષાંતર કરતા; દિવસને અંતે તેના પગ પાસે કાગળના ચોળાયેલા ડૂચાનો ઢગ થતો.

ખુશવંતની સ-રસ બિનઔપચારિકતાને કારણે ટાઈમ્સના અન્ય પ્રકાશનો કરતા વીકલીનો હોલ મિત્રાચારીપૂર્ણ વાતાવરણથી સભર લાગતો.

\+ \+ \+

ટાઈમ્સના પ્રથમ મહિલા સહાયક તંત્રી હતાં ફાતિમા ઝકરિયા. એમની પાસે પુરુષ સહકાર્યકરો જેવી



બુદ્ધિશક્તિ ન હતી પણ એમના પતિ ડૉ.રફીક ઝકરિયાના રાજકીય વર્તુળનો સારો ફાયદો હતો. એ કારણે તે ખુશવંત સિંહની બરાબર પછીની જગ્યાએ પહોંચી શક્યાં પણ ખુશવંતના પતન પછી તેઓ ગિરીલાલ જૈનની નીચે આવ્યાં. ફાતિમા લેખક નહોતાં પણ સ્ટાર લેખકોથી મેગેઝિન કે એડિટ પેજ ભરી શકતાં. ૧૯૮૯માં ગિરીના પતન પછી એમણે ટાઈમ્સ છોડ્યું.

*******

## જયદીપ બોઝ "જોજો"

એક પેઢીના અંતરાલમાં તંત્રીપદ ની સ્ટાઈલ બદલાઈ ગઈ. જયદીપ બોઝ વડાપ્રધાનને સલાહ



આપવાની જવાબદારીમાં માનતા નહોતા. એમનામાં ઔપચારિકતા ન હતી એ તો સમજી શકાય, પોતાના પેટ નામ જોજો થી ઓળખાતા એમની પાસે ઔપચારિકતા ની અપેક્ષા શી રીતે રાખી શકાય?

જોજો સવારે સ્થાનિક તંત્રીને કહેશે, અખબાર આજે રાતે સમયસર નીકળી જવું જોઈએ. પછી ૧૦:૦૦ વાગ્યે રાતે વીલું મોઢું લઈને તેની પાસે જઈને કહેશે, મારા પર ગુસ્સે ન થતો પણ હું ફ્રન્ટ પેજ બદલાવું છું. એમને જ્યારે ઇકોનોમિક ટાઇમ્સના તંત્રી બનાવવામાં આવ્યા ત્યારે એમની વય ૨૯ ની હતી. પછી ત્યાંથી ફેરવીને એમને ટાઇમ્સ ઓફ ઇન્ડિયાનો અખત્યાર સોંપાયો અને ચાર વર્ષ બાદ એમના માટે એડિટોરિયલ ડાયરેક્ટરની જગ્યા ઉભી કરવામાં આવી. એમની ટાઈમ્સની  ક્રેસ્ટ એડીશન વૈશ્વિક પત્રકારત્વમાં સીમાચિહ્ન સમાન હતી. લીડ ઇન્ડિયા (૨૦૦૭), ટીચ ઇન્ડિયા (૨૦૦૮) અને પાકિસ્તાન સાથે સંવાદસેતુ માટે પાકિસ્તાનના જંગ મીડિયા ગ્રુપના સહયોગથી  'અમનકી આશા '(૨૦૧૦) જેવા એમના પ્રયાસો ઉત્સાહ સાથે ચાલતા રહ્યા.

જોજોનો ટાઇમ્સનો દરેક પ્રોજેક્ટ વ્યૂહરચના, આયોજન અને ચાલાકીથી ભરેલી એક મોટી ગેમ જેવો હતો, પણ ભવ્ય, ૭૦ એમએમ મલ્ટી સ્ટાર્ટર બજેટ એડિશનને કોઈ મહાત ન કરી શકે એવી એ જંગી કવાયત હતી.  વાચકના દરેક વર્ગ - કોર્પોરેટ નેતા, કરદાતા અને વપરાશકર્તા માટે બજેટનું વિવરણ કરવામાં આવતું. આ પૃષ્ઠો પર વિશ્લેષણ, નિષ્ણાતોના અભિપ્રાય  જેવી જેટલી વધુ શક્ય હોય એટલી માહિતી ઠાંસીને મૂકવામાં આવ તીjojo અને આખરે વાંચનક્ષમ અને આકર્ષક પેકિંગ તૈયાર થતું.

આ અભિયાનના આરંભમાં જોજો એવું કહે કે આ વખતે સાદી આવૃત્તિ બનશે,  પણ પછી તેઓ વધુને વધુ ઉત્તેજિત થતા જાય અને પોતાની થિંક ટેન્ક સાથે ક્યારેક તો છ - છ કલાક સુધી ચર્ચા ચાલે. એક પરેશાન અને થાકેલા સહભાગી એ કહ્યું હતું, આનાથી ઓછા સમયમાં તો મારી પત્નીની પ્રસુતિ થઈ ગઈ હતી.

જ્ઞાનતંતુની કવાયતમાં ચર્ચા ક્યારેક ભટકી જઈને ક્રિકેટ, રાજકારણ અને પુરાણી યાદોમાં સરી પડતી. દર ૧૫ મિનિટે કોઈ વાતને ફરી મુદા પર લાવતું . પી.રામ, અજીત નીનાન, નીલાભ બેનર્જી જેવા

ચિત્રકારો તેમના ખયાલોની યાદી મોકલતા. દરેક આવૃત્તિ આગલી આવૃત્તિ કરતાં વધારે અપીલ કરનારી હોવી જોઈએ એવો વિચાર રહેતો. પ્રત્યેક વર્ષ આ એક મુશ્કેલ કાર્ય બનતું જતું હતું. પ્રથમ પૃષ્ઠના પાંચ કે છ વર્ઝન બનાવવામાં આવતાં. સ્ટાર ચેમ્બર ફરી ભેગી થતી. જોજો કહેશે, ઓકે કયું વર્ઝન? કોઈ કહે C વર્ઝન. જોજો કહેશે, હા પણ તમને નથી લાગતું કે D વધુ મૌલિક છે? તમે એમનો મત સ્વીકારો તો એ કહેશે, એમાં સમસ્યા એ છે કે... બે કલાક પછી તમે A વર્ઝન પર આવો છો જે એમણે પહેલેથી નક્કી કરેલ જ હતો. કોઈ કંટાળીને કહેશે, જોજો, અમને આટલા ભમાવવાની બદલે પહેલેથી જ આ વિકલ્પ કેમ પસંદ નથી કરી લેતા? જોજોને ખોટું લાગશે અને કહેશે, “શું માનો છો આ સરમુખત્યારશાહી છે?"


એવી શંકા પ્રવર્તતી હતી કે નાણાપ્રધાન બજેટનું આયોજન શરૂ કરે એથી પણ પહેલા જોજો બજેટ આવૃત્તિનું આયોજન શરૂ કરી દે છે. મોડેલ કે ટેમ્પલેટ પહેલેથી પેનલ્સ, બોક્સ, ઇન્ફોગ્રાફ, ટેબલ્સ, આંકડાઓ અને ટ્રીવીયાથી સજ્જ રાખવામાં આવે છે. એમાંના કેટલાક બજેટના દિવસે 'ગરમ કરીને ખાઈ લો' (Heat and Eat) જેવા તૈયાર હોય છે, બીજા કેટલાક નાણામંત્રીના ભાષણ પછી તૈયાર કરી શકાય છે. અસંખ્ય ડમી તૈયાર કરવામાં આવે. સેંકડો સંભવિત ફોટોગ્રાફ ડાઉનલોડ કરી રાખવામાં આવે છે, જે સ્માર્ટ કીકર્સ એટલે કે આકર્ષક મથાળામાં બંધબેસતા થઈ શકે. બજેટના અલગ અલગ ભાગ માટે વૈકલ્પિક શીર્ષકોની યાદી પહેલેથી જ તૈયાર રાખવામાં આવે અને ખૂબ સુઘડ રીતે તેનું વર્ગીકરણ કરવામાં આવે છે. એડિટોરિયલ ડાયરેક્ટર, જોજો, કરતાં પણ વધારે વ્યસ્ત એમનો અંગત મદદનીશ (પી. એ.) સૂચનાઓનો માસ્ટર ડોક્યુમેન્ટ અને તેની અસંખ્ય પુરવણીઓ ફોજના સૈનિકો અને એમના સરદારો ને અને કમાન્ડરને મોકલી આપવામાં રહેતો.

છેલ્લા સપ્તાહમાં કોપી લખાણનાં તેમ જ પેનલનાં લખાણનાં ચમકદાર મથાળા તૈયાર કરવા માટે ચાર લેખકોની એક ચુનંદી ડેસ્ક ટીમ બનાવાતી જે કોઈ પણ નીરસ વાત ઘુસી ના જાય તેની ખાસ ખાતરી કરતી. એક વર્ષે એક નીરસ બજેટને 'ઠંડાગરમ.કોમ ' શીર્ષક આપ્યું હતું અને નાણાં પ્રધાને એના જવાબમાં કહ્યું હતું, "નહીં, આ ગરમાગરમ છે."

\+ \+ \+

## પ્રીતિશ નંદી

ખુશવંત સિંહે વીકલી છોડ્યું પછી થોડો સમય એમ. વી. કામઠ આવ્યા, પછી બીજા સેલિબ્રિટી તંત્રી



મળ્યા પ્રીતિશ નંદી. ખુશવંત વસ્ત્રોની બાબતમાં જેટલા નિસ્પૃહ હતા એટલા જ ભપકાદાર પ્રીતિશ હતા. તેમને સંપૂર્ણ કાળા પોશાકનો, ખુલ્લા બટન વાળા શર્ટ અને ચુસ્ત જીન્સનો શોખ હતો. એક રીતે તેઓ ટાલિયા રાસ્પુટીન જેવા હતા. તેઓ કવિ હતા અને ભાષા બાબત ચુસ્ત હતા. ખુશવંત સિંહથી ઉલટું, તેઓ જૈન પરિવારના અંતરતમ વર્તુળના સભ્ય હતા - ખાસ કરીને સમીર અને નંદિતાના.

એકવાર હાથમાં વીકલીની નકલ લઈને નંદી ઓફિસમાં આગ ઉગળતા ધસી આવ્યા. પોતાના ચાર સહાય તંત્રીઓને બોલાવીને ગરજયા, "મેં ફ્લાઇટમાં જોયું. મારું મસ્તક શરમથી

ઝૂકી ગયું. મારા સહપ્રવાસીઓ સામે હું નજર નહોતો મેળવી શકતો. આ f...ing શરમજનક છે. કઈ જાતનું કંટાળાજનક s..t તમે બહાર પાડ્યું છે?"  પછી તેના ટુકડા કરી ને કારપેટ પર ફેંક્યા અને પોતાના ટ્રેડમાર્ક બુટથી તેને કચડ્યા. હમેશની જેમ અડધા કલાક પછી પોતાના ખુશ મિજાજમાં આવી ગયા.  બચી એના માટે 'ખૂંખાર આખલો' શબ્દ વાપરે છે.

જેને બચી દેશની સૌથી કાર્યક્ષમ પત્રકાર કહે છે એવાં શેરના ગાંધીએ કહ્યું હતું કે બીજા કોઈ પણ તંત્રી કરતાં એમને નંદી પાસેથી વધુ શીખવા મળ્યું હતું.  એક ખોટું અલ્પવિરામ મૂક્યું હોય કે ન મૂક્યું હોય તો એ બહાર આવીને આખો ચોથો માળ સાંભળે એવી રીતે બૂમો પાડે.  એક વાર નંદી અમેરિકા ગયા હતા ત્યારે એક અંકમાં ઘણી ટાઈપની ભૂલો હતી. સબએડિટરને બચીએ કહ્યું, }તારાં નસીબનો આભાર માન કે નંદી અહીં નથી.". બચીને ખબર ન હતી કે એમને જ્યાં હોય ત્યાં વીકલી એર મેઇલથી મોકલવામાં આવે છે.  એમણે ફોન પર સતત પંદર મિનિટ સુધી ભૂલ કરનાર ' સબ 'ને ધમકાવ્યો હતો.

દિલ્હી બ્યુરોમાં કામ કરતી સરોજ નેગીએ એમના મિજાજ અને લે - આઉટ શીટની બાબતમાં એમના તાંડવ જેવાં યુદ્ધ નૃત્ય વિશે સાંભળ્યું હતું પણ દિલ્હીમાં નંદી આવે ત્યારે માનેકા ગાંધી સાથે કે અન્ય રાજકીય બાબતોમાં જ તેમનો સમય જતો.  એક વાર તેઓ ઓફિસમાં આવ્યા અને કોઈ બાબતમાં તેમના સ્વભવનો ફ્યુઝ ઊડી ગયો.  સરોજ સ્તબ્ધ બની ગઈ, "દર બીજા શબ્દમાં ગાળ આવતી હતી. હું માની શકતી નહોતી કે આ એ જ વ્યક્તિ છે જેની લાગણીસભર કવિતાઓની હું પ્રશંસક છું." શેરના ગાંધી ઉમેરે છે નંદી ખેલદિલીપૂર્વક પોતાની ટીકાનો સ્વીકાર કરતા.

એમના પુરોગામીની જેમ નંદીને પણ ladies’ man કહી શકાય પણ ખુશવંત માત્ર બડાશ મારતા જ્યારે નંદી તો તેનો અમલ પણ કરતા.  જેટલા ઉત્સાહથી એક ટીવી અભિનેત્રીની પાછળ પડ્યા હતા એટલા જ નિશ્ચયપૂર્વક તેને પડતી પણ મૂકી દીધી હતી.  એ મહિલા ગુસ્સાભેર આવીને નંદીની સેક્રેટરીના રૂમમાં ધુસી ગઈ અને નંદીને મળવાની માગણી કરી.  અનુભવીએ સેક્રેટરીએ તેઓ બહાર ગયાં છે એવું બહાનું કાઢ્યું , પણ પણ પેલી મહિલાએ મચક ના આપી.  સેક્રેટરીએ બાજુના રૂમમાં જ બેઠેલા નાંદીને ચેતવી દીધા.  નંદી બારણા માંથી છટકીને રીતસર દોડતા ઉપરના માળે એમના જ તંત્રીપદ હેઠળના 'ઇન્ડિપેન્ડન્ટ’ ની ઓફિસમાં ધૂસી ગયા.

નંદીની પત્રકાર તરીકેની કુશળતાના ઘણા ચાહકો એમની માનેકા ગાંધી સાથેની મિત્રતાના ટીકાકાર હતા. એ ચાહકો માટે માનેકાએ તેમને પોતાને કિંગ મેકર સમજતા રાજકીય પ્રાણી બનાવી દીધા હતા. નંદી હસ્તક વીકલી વધુ વિવાદાસ્પદ બની ગયું.  તેઓ એક પછી એક દંભી પણ શક્તિશાળી વ્યક્તિઓ પર નિશાન સાધવા લાગ્યા. ઓરિસ્સાના મુખ્યપ્રધાન જે. બી. પટનાયક સામે તેમની ગુસ્તાખી ભારે પડી ગઈ અને તેઓએ માફી માગવી પડી હતી.

એવું જ ચંદ્રા સ્વામીની બાબતમાં બન્યું. દુનિયાના અડધો ડઝન જેટલા દેશના વડાઓને છેતરીને ચંદ્રા સ્વામી કરોડો રૂપિયાના હીરા લઈને ભાગી ગયા હોવાની સ્ટોરી એમણે છાપી. ચંદ્રા સ્વામીએ ઇન્ટરવ્યૂ આપવાનું ઇન્કાર કરેલો તેથી નદીએ છેતરપિંડીનો માર્ગ લીધો અને સ્વામીના ચમચા બનીને એમને મળ્યા. સ્વામીએ કહ્યું " યે પ્રીતિશ નંદી કૌન હૈ? હરામજાદા હમારે પીછે લગા હૈ.  હું તને ૧૦ લાખ ડોલર આપીશ, તું એને મારા વિશે લખતાં અટકાવી દે. એને પૈસા આપીને બાકીના તું રાખી લેજે.".

નંદીએ નાટક આગળ ચલાવ્યું: "ગુરૂજી,  હું જ પ્રીતીશ નંદી હોઉં તો ? " એક ગાળ બોલીને સ્વામી કહે, "દેખો યે હૈ મેરી તીસરી આંખ. મૈં ભવિષ્ય દેખ સકતા હું. હમકો કોઈ ઉલ્લુ નહિ બના સકતા હૈ." નંદી વધુ આગળ વધ્યા: "તો મારું ભવિષ્ય શું છે " "તારામાં શક્તિ છે તું જેટલો ગધેડા જેવો લાગે છે એટલો નથી, તું ક્યાંક પહોંચીશ" સ્વામીએ કહ્યું.

નંદીના ઇન્ટરવ્યુ વિક્લીની વિશેષતા બની ગયા.  એમાંનો એક હતો પ્રમુખ જ્ઞાની ઝૈલસિંઘનો, જેમાં એમણે કહ્યું હતું કે મને કોઈ કંઈ માહિતી નથી આપતા.  એમાંથી પછી બંધારણીય કટોકટી સર્જાઈ જેના પરિણામે તેઓ વડાપ્રધાન રાજીવ ગાંધીને બરતરફ કરશે એવી અફવા ફેલાઈ હતી.

ફિલ્મી ગાયક કિશોરકુમારનો એમણે લીધેલો ઇન્ટરવ્યૂ યાદગાર બન્યો.

વિવાદાસ્પદ કવર સ્ટોરી માટે તેઓએ અલગ, બિનપરંપરાગત રીતો અપનાવી હતી.  આંતરરાષ્ટ્રીય ગુનેગાર ચાર્લ્સ શોભરાજે જેલમાં એક નવલકથા લખી હતી.  નંદીના કહેવા મુજબ શોભરાજ તેની વકીલના પ્રેમમાં હતો.  તેને પટાવીને એમણે નવલકથાની એક નકલ મેળવી લીધી અને એમાંથી થોડો ભાગ તેમણે વીકલીમાં છાપ્યો હતો.

બાંગ્લાદેશના વડા પ્રધાન ઝિયા ઉર રહેમાનની રૂશવતખોરીની વાત મેળવવા નંદીએ તેની રખાતને સાધી લીધી.  એ સ્ત્રી ઝિયાના નાણાં સાથે ન્યૂયોર્કમાં છુપાયેલી હતી.

અમિતાભ બચ્ચનની ઘણી ફિલ્મો ફ્લોપ ગઈ હતી ત્યારે એમણે કવર સ્ટોરી આપી: Superstar Finished. બીજી એક સ્ટોરી હતી: "સુનિલ ગાવસ્કર વિશ્વના સૌથી ખરાબ કેપ્ટન છે?". આ સ્ટોરી કોને લખી હશે એનું અનુમાન કરી શકો છો?  શશી થરૂરે.  નંદી કલકત્તાથી એમના પરિચિત હતા.

નંદી ટાઇમ્સમાં જોડાયા એની વાત પણ રસપ્રદ છે.  એમને લિસ્બનથી કેલિકટની વાસ્કો દ ગામાની મુસાફરીને લઈને એક નવલકથા લખવા માટે ભાભા ફેલોશીપ મળી હતી અને તેઓ મુંબઈથી પ્લેનમાં કલકત્તા જઈ રહ્યા હતા. યોગાનુયોગ બાજુની સીટ પર અશોક જૈન બેઠા હતા. તેમણે નંદીને પોતાને ઘરે બ્રેકફાસ્ટ માટે આમંત્રણ આપ્યું. નંદી જૈન હાઉસમાં પહોંચ્યા. એમને નોકરીની ઓફર આપવામાં આવી અને એમણે કલકત્તા છોડ્યું, તાતાની ફેલોશિપ પણ છોડી અને ટાઈમ્સમાં જોડાઈ ગયા. એમના કહેવા મુજબ એમને આખા ગ્રુપને ફ્રેશ કરવાનું કામ સોપાયું હતું પણ " ટાઇમ્સના સિનિયર પત્રકારો સાથે વાત કરવાનું અશક્ય હતું. એ લોકો એવા જૂનવાણી હતા જેઓ પોતે દુનિયા આખીના માલિક છે એમ માનતા હતા. તેઓ પોતાની શક્તિ અને.વગને મારી સામે મૂક્યા કરતા હતા. ગિરીલાલ જૈન પોતાના હોદ્દાને સામંત શાહી વારસો ગણતા હતા. મને સતત કહેવામાં આવતું હતું કે ગિરીએ વડાપ્રધાનને આ કહ્યું અને પેલું કહ્યું.. શ્રીમતી ગાંધીએ ગિરીની આ વાત પર સલાહ માગી પણ મને એવું લાગતું હતું કે ટાઈમ્સના તંત્રીનું કામ વડાપ્રધાનને સલાહ આપવાનું નહોતું. એનું કામ મક્કમતાથી ઉભા રહીને વડાપ્રધાન ક્યાં ખોટા છે એ વાંચકોને જણાવવાનું હતું. "

ગિરીએ અશોક જૈનને એવું કહ્યું હોવાનું મનાય છે કે પ્રીતિશ અંગ્રેજી લખી શકતો નથી, એ અધૂરાં વાક્યો લખે છે, એ જાહેરખબરીયું અંગ્રેજી લખે છે.  આ વાતની જાણ થઈ ત્યારે પ્રીતિશે કહ્યું, “હું જેમ બોલું છું એમ લખું છું, મોટી ભારેખમ વાતો નહીં. હું ગિરી જેવું લખું તો એ શરમજનક હશે.

ટાઈમ્સની 'ઓલ્ડ લેડી' ની છાપ દૂર કરવા જૈન પરિવાર તાજગી લાવવા માટે નવા દિમાગની જરૂરિયાત જોતા હતા. ત્યારે ટાઈમ્સના ૧૫૦ વર્ષ પણ પૂરા થતા હતા, એની ઉજવણીની તૈયારીઓ ચાલતી હતી. એ સમયે ટાઈમ્સમાં જોડાવાનું નિમંત્રણ આપવા માટેની યાદી તૈયાર કરવામાં આવી. નંદીના મતે એમના પાસે ખૂબ જ સત્તા હતી કારણ કે અશોક જૈન નો તેમને ટેકો હતો. "મને પરિવર્તન લાવવાની સત્તા આપવામાં આવી હતી પણ ડો. તરનેજા અને કૃષ્ણમૂર્તિ દ્વારા દોરવાતી બ્યુરોક્રસીની સંખ્યા મોટી હતી." તરનેજાએ નંદીના પહેલા જ દિવસે ફરિયાદ કરી હતી કે તે ફાટેલું જીન્સ પહેરીને કામ કરવા આવે છે અને છાતી દેખાય એમ ખુલ્લો શર્ટ પહેરે છે. આ જગ્યાની સંસ્કૃતિનો તે નાશ કરી દેશે. એ સ્ટ્રીટ ફાઈટ માટે તૈયાર થઈને આવે છે. આ શબ્દો ભવિષ્યના વર્તારા સમાન હતા

PRK, એટલે પી. આર. કૃષ્ણમૂર્તિ, સાથે તો એમને ટાઇમ્સમાં જોડાતાં વેંત જ ઘર્ષણ થયું. નંદિની પોતાની કેફીયત જોઈએ તો તેઓ ટાઈમ્સમાં જોડાયા પછી એક અઠવાડિયા બાદ એમનો પરિવાર મુંબઈ આવ્યો; એમના ટિકિટના પૈસા બહુ સમય સુધી નંદીને ચૂકવાયા નહીં એટલે એમણે કૃષ્ણમૂર્તિની ઓફિસમાં જઈને કહ્યું કે મારું બિલ ક્યાંક અટવાયું છે. ઠાવકાઈથી કૃષ્ણમૂર્તિએ જણાવ્યું, "એ ક્યાંય નથી અટવાયું, મારી પાસે જ છે. અટકાવવાનું કારણ એમને એવું આપ્યું કે ફર્સ્ટ ક્લાસમાં જ મુસાફરી કરી છે એનો પુરાવો આપવા માટે ટિકિટ જોઈએ." "ટિકિટ તો સ્ટેશનની બહાર નીકળતી વખતે ટી સી લઈ લે છે", દંગ થઈ ગયેલા નંદી એ કહ્યું. કૃષ્ણમૂર્તિએ બળતામાં અંગાર ચાંપ્યો, " તમે કંપનીને છેતરતા નથી એ મને કેમ ખબર પડે?" ગુસ્સાથી ભાન ભૂલીને નંદી કૃષ્ણમૂર્તિ પર તૂટી પડ્યા અને એમના સફેદ સફારીનું કોલર પકડીને ધમકાવ્યા "તમે એમ માનો છો કે હું છેતરું છું ? લાત મારીને તમારા દાંત તોડી નાખીશ. તમને એમ લાગે છે કે હું તમારા પિતાનો નોકર છું?"

બીજા દિવસે બિલ ચૂકવાઇ ગયું. ત્યાર પછી કૃષ્ણમૂર્તિ એમની સાથે સાકર જેવા મીઠા બની ગયા હતા.

બચી કહે છે, આ વાત એકપક્ષી છે અને પ્રીતિશ નંદીની કડક તંત્રી કાર્યશૈલીમાંથી બંધ નથી બેસતી.. "મને ક્ષમા કરશો, મેં કૃષ્ણમૂર્તિ સાથે આ 'ક્લોઝ એન્કાઉન્ટર ઓફ ધ થર્ડ ક્લાસ' ની ખરાઈ કરવાનો પ્રયત્ન પણ નથી કર્યો."

## વિમલા પાટીલ

ફેમીનાનાં તરવરાટિયાં તંત્રી વિમલા પાટીલને એમના ક્ષેત્રમાં પબ્લિશિંગ ડાયરેક્ટર તરીકે પ્રિતીશ નંદી દખલ કરવા લાગ્યા એ પસંદ નહોતું પડ્યું. પ્રીતિશના અભિપ્રાય મુજબ "વિમલા તખ્તા પર ખડા થઈને ભારતીય સ્ત્રીઓએ શું બનવું જોઈએ એનો બોધ આપે છે. મને એની સામે ગંભીર વાંધો છે. હું નથી માનતો કે આધુનિક નારી માટેનું સામાયિક આવું હોવું જોઈએ."

જ્યારે ૧૯૭૦ના દશકમાં ફેમીનીઝમના પ્રથમ આવેગમાં સહકર્મીઓ નામની આગળ Ms લગાડતી હતી ત્યારે વિમલા ભારપૂર્વક Mrs Patil ને વળગી રહ્યાં હતાં. એમની યુવાવસ્થામાં તેઓ એટલાં આકર્ષક હતાં કે તેઓ લંચ રૂમમાં જવા કે ડો. તરણેજાને મળવા મેનેજર હોલમાંથી પસાર થાય ત્યારે દરેક વ્યક્તિ પોતાની પેન નીચે મૂકીને એમને નિહાળતા રહેતા.

ડેરીલ ડી મોન્ટેએ એવી વાત કરી હતી કે ઇમરજન્સી જાહેર થઈ ત્યારે વિમલાએ ઇન્દિરા ગાંધી વિશે પ્રશસ્તિ રજૂ કરતું લખાણ લખ્યું હતું. અમે બધા ડઘાઈ ગયા અને એમને આર્ટીકલ પાછો મંગાવી લેવા માટે સમજાવ્યાં; એમને ચેતવણી આપી કે સેન્સરશિપના નવા નિયમ મુજબ કોઈ પ્રકાશન ઇન્દિરા ગાંધીના નામનો ઉલ્લેખ ન કરી શકે. વિમલા બહુ સ્માર્ટ હતાં અને તેઓ વાત માની ગયાં એનું કારણ એ જ હોય કે તેઓએ પોતે એ ન લખવાનું નિરધાર્યું હોય.

## સરોષ બનાજી

ફિલ્મફેરના જૂના વાંચકો સરોષ બનાજીના ફિલ્મ રિવ્યૂ વાંચવાનું પસંદ કરતા પણ એ મુશ્કેલ કર્મચારી હતા; એમને દૂર કરવાનું વધુ મુશ્કેલ હતું કેમ કે એ કાયમી નોકરી પર હતા. તેથી વધુ સરળ ઉપાય તરીકે કંપની એમને કંઈ જ કામ ન આપતી. તે પોતાના ડેસ્ક પર અવકાશમાં નજર નાખતા ૯:૩૦થી ૫ વાગ્યા સુધી બેસી રહેતા. મરાઠી લેખિકા શાંતા ગોખલે એનું વર્ણન કરે છે: " હમણાં જ નાલીમાંથી નીકળ્યા હોય એમ તે ઓફિસમાંથી બહાર નીકળતા , એના હાથ શરીરથી દૂર લંબાયેલા હોય અને ચહેરા પર અણગમો હોય."

પણ એ "રંગહીન, વાસવિહીન પ્રજાતિનું એક ખાનગી જીવન હતું." એ રાયફલ રેન્જ પર સારા નિશાનબાજ હતા

+ + +

**કિંગશુક નાગ** અમદાવાદ આવૃત્તિના રેસિડન્ટ એડિટર હતા ત્યારે ૨૦૦૨ના રમખાણોના અહેવાલને કારણે એક્ઝિક્યુટિવ એડિટર શેખર ભાટિયાને દૂર કરવા માટે દબાણ થયું હતું પણ ટાઈમ્સ અડગ રહ્યું. ચેરમેન સમીર જૈને આ વાતનો અછડતો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે મને ખ્યાલ છે કે પ્રધાનમંત્રીની ઓફિસમાંથી દબાણ થયું હતું પણ મને ચિંતા નહોતી. સમીર ક્યારેય કોઈ સમાચારને સેન્સર કરવા કે પડતા મૂકવા માટે દબાણ ન કરતા.

+ + +

છૂટક વેપારની અને ફિલ્મો તેમ જ નાટકોની જાહેરાત મેળવવા નિષ્ક્રિય પડેલાં રોટરી પ્રિન્ટિંગ મશીનને ઉપયોગમાં લેવાના હેતુથી ઇવનિંગ ન્યૂઝ ઓફ ઇન્ડિયા શરૂ કરવામાં આવ્યું હતું જે ૧૯૮૭માં બંધ થઈ ગયું. દિવસના કાળાં અને સફેદ અખબારની અસરને ધોઈ નાખવા માટે આ સાંજના અખબારની રંગીન કથાઓ છાપવા માટે રંગોનો ઉપયોગ થતો. તેના ખબરપત્રીઓ ' આંટી ' ના દારૂના અડ્ડાઓની અને ક્યારેક અંડરવર્લ્ડના અડ્ડાઓની મુલાકાત લેતા. પોલીસના એફ.આઇ.આર. કે સરકારી સમાચારોની શૈલી રિપોર્ટમાં ન આવી જાય એ માટે મથવું પડતું.

+ + +

## બહેરામ કોન્ટ્રાક્ટર 'બિઝી બી'

ઇવનીંગ ન્યૂઝનું સહુથી જાણીતું ફીચર હતું બિઝી બી નું Round and About. એમાં મુંબઈના નિમ્ન તેમજ ઉચ્ચ જીવનની કથાઓ વિશે ક્યારેય ન લખાઈ હોય એવી વાતો આવતી. આર્ટ બુચવોલ્ડની ન્યુયોર્ક ટાઇમ્સમાં પ્રગટ થતી કોલમ સાથે ઘણી વાર તેની તુલના કરવામાં આવતી, પણ એ પોતે એક



દંત કથા બની ગઈ હતી. *બીઝી બી* ઉપનામધારી બહેરામ કોન્ટ્રાક્ટર - વાંકા વળેલ, દુબળા, બેફામ પીવા અને ધુમ્રપાન કરવા વાળા અને સોડા બોટલના કાચવાળા ચશ્માથી જગતને નિહાળનારા - શહેરના ગંદી સ્લમમાં ફરીને આખી રાત ચાલતા ખાણીપીણીના સ્થળોમાં જતા. તેમણે મુંબઈના સુધરેલા સમૃદ્ધ લોકો માટે સ્લમમાં જવાનું ફેશનેબલ બનાવી દીધું અને લોકો ગંદી શેરીઓમાં સાત હાંડીમાં રંધાતા કબાબ અને સ્ટીકના વર્ણન વાંચીને એ ખાવા માટે ઉમટી પડતા.

લક્ષ્મણના સામાન્ય માણસની જેમ બીઝી બીનું પાત્ર હતું ' પત્ની ', જેના દ્વારા તેઓ પોતાની ટિપ્પણી આપતા. વાસ્તવમાં તેઓ કુંવારા હતા. પછી તેમણે ફરઝાના સાથે લગ્ન કરીને બધાને આશ્ચર્યનો આંચકો આપ્યો. ફરઝાનાએ તેમની જિંદગી બદલાવી નાખી. અત્યારે સર્વવ્યાપી બની ગયેલા સેલિબ્રિટીઓ હજી ચર્ચામાં ન હતા એટલે ખાઈ - પી ઉતરેલા રાજકારણીઓ અને કોઈ ક્યુબન ફિલ્મની મુલાકાત લેતા ફિલ્મ નિર્માતાઓની તેઓ ખબર લેતા.

બહેરામને તેમના સહકાર્યકર્તાઓ સાથે અને ટાઈમ્સના નિયમિત મુલાકાતીઓ સાથે પણ ઝઘડો થઈ જતો. લક્ષ્મણ જેમને પેટન્ટ લેધર હેર કહેતા તે એ.જી. નૂરાની - ખુશવંત સિંહના ખાસ મિત્ર અને સાંજના ચાલવાના કાર્યક્રમના સાથીદાર - એકવાર વીકલીની મુલાકાતે આવ્યા હતા. એ કટોકટીના દિવસો હતા જ્યારે પત્રકારો નેસ્તનાબૂદ જેવા થઈ ગયા હતા અને ભલભલા બંધારણીય નિયમોના આગ્રહીઓ ભયભીત હતા. ગફુર નૂરાની જેવા પહેલા ટટ્ટાર અને કડક માણસ હવે પોતાના પડછાયા જેવા બની રહ્યા હતા, ત્યારે બહેરામ ત્યાં જઈ ચડ્યા અને મજાકિયા મિજાજમાં કહ્યું, " શું નુરાની, તમે હજી જેલમાં નથી ગયા ? " ગફુરનો દબાયેલો ગુસ્સો બહાર ધસી આવ્યો અને ઉશ્કેરાયેલી ભાષામાં બહેરામને આડેહાથ લીધા. બહેરામ નિસ્પૃહ રીતે અને રમૂજથી એમના જાડા કાચના ચશ્મામાંથી નૂરાનીની જોઈ રહ્યા, પણ ઓફિસના બાકીના લોકો આઘાતથી થીજી ગયા. સદભાગ્યે નૂરાની પોતાના પોલીશથી ચળકતા જૂતાની એડી પર જનુનથી ફરીને તેઓ ચાલતા થયા. "એ આટલા ગુસ્સે કેમ થઈ ગયા?" બહેરામે બનાવટી નિર્દોષ ભાવથી પૂછ્યું.

ખ્યાતનામ પર્યાવરણવાદી અને ઔદ્યોગિક સામ્રાજ્યના ચેરમેન ગોદરેજ મેંગ્રોવ કે વાઘ કે સારસને બચાવવાના કોઈ વિષય પર પ્રેસ કોન્ફરન્સને સંબોધતા હતા. એમણે વક્તવ્ય પૂરું કર્યું, ત્યાં જ બહેરામ ઉભા થયા અને એમના નરમ અવાજમાં પ્રશ્ન કર્યો, " મિસ્ટર ગોદરેજ તમારા નવા ટાઈપરાઈટરની ચાવી (keys ) કેમ નીકળી જાય છે?" બહેરામ નું પસંદગીનું ટાઈપીંગ મશીન હતું જરીપુરાણું અન્ડરવૂડ. એના પર નમીને સ્ટૂલ પર બેસીને ૩૦ મિનિટમાં તેઓ પોતાની કોલમ લખી નાખતા ત્યારે તો હજી ન્યુઝ રૂમ ' જીવંત ' પણ થયો નથી હોતો.

૫:૧૭ ની બોરીવલીની કે બીજી કોઈ ફાસ્ટ ટ્રેન પર ઘર ભણી જઈ રહેલા થાકેલા લોકોને મનોરંજન આપતું ઇવનિંગ ન્યુઝ બપોરે ૩:00 વાગ્યે બહાર પડતું. બહેરામ ક્યારેક બચી કરકરિયાને પણ

પોતાની ઝપટમાં લેતા, પણ માપસર, નવાગંતુક તરીકેના સ્થાનને ધ્યાનમાં લઈને. બચી ત્યારે ખુશવંત સિંહની અભૂતપૂર્વ સફળતાના પરાવર્તિત જાજવલ્યમાં મહાલતાં હતાં. તે પણ બહેરામની પાછળ કોઈ જગ્યાએ મળતી સ્વર્ગીય પરીઓની સાથે સ્પર્ધા કરે એવી કોઈ જગ્યાએ બિરીયાની અજમાવી જોવા જતાં. પાછા ફરતા ટેક્સીને રોકીને બહેરામ કહેતા, " ટાઈમ્સ ઓફ ઇન્ડિયા." અને પછી બચી તરફ ફરીને કહે, " હું વીકલી કહીશ તો એમને ખબર નહિ હોય ને?"

બહેરામ ટાઈમ્સના નિર્ભય ખબરપત્રી હતા. બસ્તરનો દુકાળ, ઔરંગાબાદના કોમી રમખાણો જેવા બનાવોને કવર કરવા ફરતા અને મસાલેદાર ગરમા ગરમ બટેટા વડા માટે જાણીતા સ્થળ ખોપોલી પણ જતા. બહેરામ આ બધા સ્થળોપર કોઈ નોંધ ન ટપકાવતા પણ પાછા ફરીને અવિસ્મરણીય ગદ્ય લખી કાઢતા.

નવભારત ટાઈમ્સ ના બહુ સફળતંત્રી વિશ્વનાથ સચદેવ પોતાના ખબરપત્રીઓને આ વાત હંમેશા કરતા. પેટ્રોલિયમ મંત્રીએ પેટ્રોલની તંગીના સમયે બળતણની બચતના પગલાઓ જાહેર કરવા પત્રકાર પરિષદ બોલાવી. બધી ચીલાચાલુ વાતો થઈ. બધા રિપોર્ટરોએ લગભગ એકસરખો જ રિપોર્ટ કર્યો પણ બહેરામે અંતમાં લખ્યું, "પરિષદના અંતે પેટ્રોલિયમ મંત્રી એમના 20 કારના કાફલા સાથે વિદાય થયા." વિશ્વનાથજી કહેતા કે સારા રિપોર્ટર અને મહાન રિપોર્ટરમાં આ જ ફરક છે.

બહેરામ કોન્ટ્રાક્ટર ૧૯૭૯ માં ટાઈમ્સ છોડીને ખાલીદ અન્સારી સાથે મીડ ડે માં જોડાયા અને પછી ૧૯૮૫ માં પોતાનું 'આફ્ટરનૂન ડિસ્પેચ એન્ડ કુરિયર' શરૂ કર્યું એટલે 'રાઉન્ડ એન્ડ અબાઉટ કોલમ' પણ એમની સાથે ગઈ. કહેવાય છે કે ઇવનિંગ ન્યુઝ આ કોલમને લીધે જ મુખ્યત્વે ચાલતું હતું, છતાં કોઈ ન્યૂઝ એડિટરે એ કોલમ માટે ચૂકવાતી વધારાની રકમ રૂપિયા ૭ થી વધારીને ૧૦ કરવાનો ઇનકાર કર્યો હતો.

\+ + +

મૅનેજમૅન્ટ અને તંત્રીમંડળ વચ્ચેનું ઘર્ષણ તો સમય જેટલું જ જૂનું છે. એક ખ્યાતનામ અમેરિકન અખબારે લિફ્ટ પણ એવી રાખેલી કે એડિટોરિયલ માળની લિફ્ટ મૅનેજમૅન્ટના માળ પર અટકતી નહીં અને મૅનેજમૅન્ટની લિફ્ટ એડિટોરિયલ માળ પર ઊભી ન રહેતી. ટાઈમ્સ આ હદે તો ગયું ન હતું પણ સમીર જૈને નવી ફિલસૂફી આપી. અખબાર પ્રકાશનને ' ઉમદા ફરજ' ગણાવતી એ સમયની પ્રચલિત માન્યતાના ધજાગરા ઉડાવતાં તેમણે જાહેર કર્યું કે 'અખબાર એક ધંધો જ છે અને એ સાબુની ગોટીની જેમ વેચાવું જોઈએ". તેમણે પોતાની વાત પકડી રાખી, સમગ્ર અખબાર જગતમાં માનભરી ગણાતી કેટલીય 'પ્રતિમાઓ' તંત્રી વિભાગમાંથી તેમનાં સ્થાનોએથી ' ગબ'ડી પડી, આવક ઊભી કરતાં ડિપાર્ટમેન્ટ નવા સ્ટાર્સ બની ગયાં. જોકે વર્ષો જતાં તેઓ એડિટોરિયલ આવકનું મહત્વ સ્વીકારતા થયા, એડિટોરિયલ ની બૌદ્ધિક મૂડીનું મહત્વ સ્વીકાર્યું, બંને વિભાગો વચ્ચે સરખા અને સમાન સંબંધો સ્થપાયા.

\+ + +

## સમ્રાટનું શાસન

નવાં રૂપવાળાં અખબારો The Independent અને Metropolis on Saturday વહેતાં મૂકવા માટે સમ્રાટ પબ્લિકેશન્સ ૧૯૯૦ના દશકમાં આરંભમાં સર્જવામાં આવ્યું. પ્રથમ અખબારે સોફિસ્ટીકેટેડ વાચકોને આકર્ષ્યા, બીજું શહેર કેન્દ્રિત બ્રોડશીટ હતું જે રંગીન પાનાઓ વધુ આપવા માટે ચાર ભાગમાં હતું.

ધ ઇંડીપેન્ડન્ટના એક ભૂતપૂર્વ તંત્રી (વિનોદ મહેતા?) અંબાણીના નવાં બહાર પાડી રહેલાં બિઝનેસ એન્ડ પોલિટિકલ ઓબઝર્વરમાં જોડાઈ ગયા. એમનો ભૂતપૂર્વ મદદનીશ પણ જોડાવાનો હતો પણ હજુ સમ્રાટમાં જ હતો. તેણે બીજા ઘણા લોકોને પોતાની સાથે લઈ જવા પ્રયાસ કર્યા, ઘણાં રાજીનામા આવ્યાં પણ છેવટે તેઓ કટોકટી ટાળવામાં સફળ થયા.

**પૂરણેન્દુ સેન** એમના ક્યાંય નમતું ન જોખવાના વલણને લીધે પ્રિન્સ ઓફ ધ અંડરવર્લ્ડ કહેવાતા. તેઓ કાંદિવલીમાં એશિયાના શ્રેષ્ઠ ટાઈમ્સ સબરબન પ્રેસના વડા હતા. સર્વશક્તિમાન ડો. તરનેજા કે એમના અનુગામી પી. આર. કૃષ્ણમૂર્તિ તેનું માન રાખતા. એમના ધારાધોરણની બહારનું કામ કરવાનું એમને કહેવામાં આવે તો તેઓ કહેશે "સાહેબ, નહિ હોગા. બ્રહ્મા પણ એ નહિ કરી શકે." ક્યારેક બહુ ઓછા પ્રસંગે તેઓ પોતાનું નરમ પાસું બતાવતા. એક વાર એમણે નિલોફર બિલીમોરિયાને પેન નાઇફ ભેટ આપ્યો હતો.

## પી.આર.કૃષ્ણમૂર્તિ

બધી જ સંસ્થાઓમાં એક પી.આર.કૃષ્ણમૂર્તિ હોય છે, અને ન હોય તો તેને ખાસ વરદી આપીને પણ લાવવો પડે.. પીઆરકેમાં આપબળે આગળ આવેલા માણસનું દંભીપણું હતું. એ સેક્રેટરીમાંથી શક્તિશાળી જનરલ મેનેજર બન્યા હતા. તીવ્ર નિરીક્ષણ શક્તિ ધરાવતા આર. કે. લક્ષ્મણે એ સ્થૂળકાય જી.એમ. અંગે કહ્યું હતું કે એમનું હાસ્ય તરંગોની જેમ ગળાંથી નીચે પેટ સુધી ઊતરે છે.

કોમ્પ્યુટર ટાઇમ્સમાં હજી નવાં નવાં આવ્યાં હતાં અને બહુ સિનિયર વ્યક્તિઓને જ આપવામાં આવ્યા હતાં. કૃષ્ણમૂર્તિ કોઈ મુલાકાતી આવે તેને અભિમાન સાથે કહેતા, " આ જુઓ, આ મારું કોમ્પ્યુટર છે અને આ તેનો ઉંદર."



બચી એની લાક્ષણિક અદાથી ઉમેરે છે, "એમણે કદાચ એમ ન પણ કહ્યું હોય અને આ મોરચાની તંત્રી બાજુએથી આવેલી મેનેજમેન્ટ કહાણી હોય!"

નિલોફર બિલીમોરીયા ( "of exotic look", બચીના શબ્દોમાં) કોઈ કામ માટે એમના ખંડમાં દાખલ થયાં ત્યારે કૃષ્ણમૂર્તિએ એની સામે જોયું પણ નહિ. નિલોફરે દબાયેલા અવાજમાં કહ્યું, " હું એક સમસ્યા બાબત પૂછવા માટે આવી છું." આંખો મિલાવ્યા વગર જ એમણે કહ્યું, " હું માત્ર ડિપાર્ટમેન્ટના વડા સાથે જ વાત કરું છું." નિલોફરે જરા ગુસ્સામાં કહ્યું, " હું ડિપાર્ટમેન્ટ હેડ જ છું." કૃષ્ણમૂર્તિની નજર હજુ એની સામે પડેલા પેપર પર જ હતી. ધૂંધવાયેલ નિલોફર બહાર નીકળી ગયાં અને બોસને ફરિયાદ કરી. કૃષ્ણમૂર્તિ થોડા ફૂણા પડ્યા. સમય જતાં તેઓ મિત્ર બની ગયા, ખાસ તો એટલે કે નીલોફેરને લગભગ દર અઠવાડિયે એમની કાનૂની સલાહ લેવી પડતી.

પ્રીતિશ નંદીની કૃષ્ણમૂર્તિ સાથેની મુલાકાત વિશે આ પહેલાં વાત કરેલી જ છે.

*****

## ભૂતકાલીન જનરલ મેનેજરો

૧૯૬૦ અને '૭૦ ના દશક વચ્ચેના વર્ષોમાં **પી. કે. રોય** જનરલ મેનેજર હતા. ફિલ્મફેર એવોર્ડના એક કાર્યક્રમમાં અમીન સાયાની ખીલ્યા હતા ત્યારે એમણે આ વાત કરી હતી, "જ્યારે મિસ્ટર રોય નિરાંતે જમીને આવે છે ત્યારે ત્રીજા માળના મોટા હોલમાં ગણગણાટ થાય છે, " પીકે આયા હૈ."

.**જે. સી. જૈન** આમ તો બહુ શક્તિશાળી જનરલ મેનેજર હતા, પણ એમનો અવાજ પાતળો હતો. એના વિશે એક એવી વાર્તા ચાલે છે કે એક વાર તેઓ હોલિવૂડની મુલાકાતે ગયા ત્યારે ' સ્મોકી ' અવાજ વાળી - જરા પુરુષ જેવા અવાજ વાળી - સુંદરી લોરેન બેકૉલને મળ્યા. એવી સુંદરીને કંઈ સ્માર્ટ વાત કહેવી જોઈએ એમ માનીને એમણે કહ્યું, Miss Bacall, is it true that you are sometimes mistaken for a man?" પોતાની સુપ્રસિદ્ધ ભ્રમરોની કમાન ખેંચીને એ મહિલાએ વળતો જવાબ આપ્યો," No, Are you?"

ટાઈમ્સમાં વિચિત્ર લોકોનો સમૂહ એકઠો થયો હતો. **એ. એસ. અબ્રાહમ** બાથરૂમમાંથી નીકળીને છેક સુધી પેન્ટના બટન બંધ કરતા જતા.

અર્થશાસ્ત્રના જાણકાર **સ્વામિનાથન અંકલેસરિયા આયર**ની પણ ઘણી વિચિત્રતાઓ હતી પણ જીનિયસ તરીકે તેમને એનો પૂરો ક્વોટા ધરાવવાનો હક હતો. તેઓ પોતાનો ચાનો કપ ત્રીજા માળ પર આવેલા બાથરૂમમાં લઇ જતા.

ખુશવંતસિંહના વીકલી ઓફ ઇન્ડિયામાં ચોથા માળ પર **આર.ગોપાલ કૃષ્ણ** હતા, એમની એક બાજુ ખૂબ જ બોલકા **જાલ એન્જિનિયર** બેસતા જે તેમને વિચિત્ર સવાલો પૂછતા અને કહેતા ગો - પાલ, વ્હેર ઇઝ ભો - પાલ. આ બ્રાહ્મણને એમના બાજુમાં બેસતા સહકર્મી કરતાં વધારે રંજાડ એ વાતથી થતી કે ત્યાંથી પસાર થતા મુલાકાતીઓ એમની પાસે આવીને પૂછતા, "where is the loo?" બ્રાહ્મણ ગુસ્સે થતા, " આ લોકો મને જ કેમ પૂછે છે, અને આ શબ્દ શું છે, લૂ?" એકવાર કંટાળીને એમણે "આ માણસ બહેરો મૂંગો છે," એમ લખેલું કાર્ડબોર્ડ પોતાના ડેસ્ક પર મૂક્યું. આનો પણ કંઈ ફાયદો ન થયો. બહારના લોકો એમના ટેબલ પાસે આવીને આ જ પ્રશ્ન પૂછતા. એ શાંતિથી પોતે મુકેલા બોર્ડ તરફ આંગળી ચિંધતા અને ચાર મિનાર ફૂંકતા; પેલા લોકો પૂછવાનું ચાલુ રાખતા, " યસ, યસ, બટ વ્હેર ઇઝ ધ લૂ?"

## વી. એસ. ટેરર મલાઈ

ટાઇમ્સમાં ચાલતી ભૂત - પ્રેત ની વાર્તાઓમાં એક હતી જાહેરખબરના વિભાગના વી. એસ. થીરુમલાઈને લગતી. એડવરટાઈઝમેન્ટ વિભાગમાં એમના નામથી જ બધા થરથરતા. એમનો પટાવાળો - ટાઈમ્સની ભાષામાં સિપોય - કોઈને બોલાવવા માટે આવે અને કહે, " સાબ બુલાયા," એટલે એ વ્યક્તિના છક્કા છૂટી જાય. એમનું અચાનક અવસાન થયું, એના બીજા દિવસે જ એની ઓફિસમાં રહસ્યમય રીતે આગ ફાટી નીકળી અને એમાં તેની બધી જ ફાઈલો, કાગળો, પુસ્તકો બળીને રાખ થઈ ગયાં, પણ બાજુની કેબીનોમાં આંચ પણ ન આવી.

એક સાંજે અરુણ અરોરા એમની કેબિનમાં લોક થઈ ગયા. એમને પણ ભૂતના વિચાર આવ્યા. વોચમેન પણ એમ જ વિચારતા હતા એટલે અરોરા બારણું ખખડાવતા હતા ત્યારે એ બધા ડરથી ભાગ્યા. એ અંદરથી બૂમો પાડતા રહ્યા, " પાછા આવો, પાછા આવો, હું અરુણ અરોરા છું." આખરે રાતે ૧૦ વાગ્યે એક બહાદુર દરવાને બારણું ખોલ્યું.

## પ્રદીપ ગુહા

સમીર જૈને ટાઈમ્સ ન્યૂઝપેપર હાઉસની બદલે બીઝનેસ હાઉસની જેમ ચલાવવું જોઈએ એમ જાહેર કર્યું. પત્રકારત્વનો રહસ્યમય દબદબો ગટરમાં ધોવાઈ ગયો. હવે આખરી ગ્રાહક વાચક નહિ , પણ જાહેર ખબર આપનારો બન્યો. એડવર્ટાઇઝિંગ ડિપાર્ટમેન્ટ વ્યુહાત્મક બટાલિયન બની ગયું અને પ્રદીપ ગુહા તેનો સ્ટાર જનરલ. એ રૂ.૭૫૦ના વેતનથી નોકરી શરૂ કરીને બેનેટ કોલમેનના સૌથી શક્તિશાળી વ્યક્તિ બન્યા. ત્રીસ વર્ષ પછી એમણે નોકરી છોડી કેમ કે એમને વિનીત જૈન સાથે સમીર જૈન જેવું અંગત બંધન નહોતું. તે ઝી માં જોડાયા અને ૨૦૦૫માં ટાઈમ્સનું હરીફ DNA શરૂ કર્યું. પણ આજ સુધી એમણે પોતાનો નિમણૂકનો પત્ર સાચવી રાખ્યો છે. ટાઈમ્સની એટલી પકડ છે કે ઘણા જૂના ટાઈમ્સના માણસોએ પીળા પડી ગયેલા આવા પત્રો સાચવી રાખ્યા છે.



પ્રદીપે બોલાવેલી મીટીંગ એકપક્ષી રહેતી. બીજા લોકો પોતાનું મંતવ્ય આપે ત્યારે તેના પર કંઈ ધ્યાન આપ્યા વગર પ્રદીપ પોતાના વિચારમાં ડૂબેલા રહેતા અને છેવટે એણે ધાર્યું હોય એ જ થતું. એના લોકો એને ખુશામતખોરીની હદે પૂજતા. તંત્રીઓ.પણ તેનું માન જાળવતા. બેંગલોર એડિશનની કાયા પલટ તેણે અતિશય ટુંકા સમયમાં કરી દીધી. સુઘડ દેખાવ માટે જરૂરી ટેકનોલોજીકલ સાધનો ટાઇમ્સમાં ન જોવા મળે એટલી ઝડપથી મંજૂર કર્યાં.

ફેમિના મિસ ઇન્ડિયા સ્પર્ધા તંત્રી અને જનરલ મેનેજરના ગર્વને પોષતી હતી. મિસ ઇન્ડિયા રીટા ફેરીઆ ૧૯૬૫માં મિસ વર્લ્ડ બની. પ્રદિપે ઘરેલુ પ્રોડક્શનને વૈશ્વિક બ્લોકબસ્ટર બનાવી દીધું. ગ્રૂમિંગ ની પ્રક્રિયામાંથી અનેક ઉદ્યોગ બન્યા, વસ્ત્ર, હલન ચલનની રીતભાત (deportment), નૃત્ય થી માંડીને તેમણે જે સવાલોનો સામનો કરવાનો છે એ બધું એમાં આવતું. પહેલાં આ બધું થતું તે મર્યાદિત સાધનો અને હેતુ માટે થતું. રિંગ માસ્ટર પ્રદીપ કહે છે: "તેઓ મિસ ઈન્ડિયાનું સર્જન કરવાની દૃષ્ટિ રાખતા હતા, મારી નજર ભારતમાંથી મિસ વર્લ્ડ કે મિસ યુનીવર્સ સર્જવા પર હતી." એ વર્ષોમાં ઐશ્વર્યા રાય અને સુસ્મિતા સેન જેવા અનેક ખિતાબો જીતનારા બન્યા.

આ વૈશ્વિક જીતથી ફેશન, સૌંદર્ય અને સજાવટના ઉદ્યોગો નાના ગામોમાં પણ વિકસ્યા.

પ્રદીપે સંસ્થા છોડી ત્યારે તેમને વિદાય આપવા માટે બીજા માળથી ગેટ સુધીની કતાર બની હતી.

\+ \+ \+

## કેટલીક રસપ્રદ વાતો

૧૯૯૦ના દશકમાં ડાયરેક્ટર અરુણ અરોરા, પર્સનલ મેનેજર ડી.એલ. ધવન, રેસીડન્ટ એડિટર દીના વકીલ અને બ્રાન્ડ મેનેજર ફ્રૈઝિયા મદની ભવ્યનામધારી રિક્રુટીંગ કમિટીની મીટીંગ શનિવારે બોલાવતા. આવી એક મિટિંગમાં ધવને જાહેર કર્યું, " આપણે spies ની સમસ્યા માટે કંઈ કરવું જોઈશે. " દીના વકીલ કહે, Spies? કયા spies? મારા ડિપાર્ટમેન્ટમાં કોઈ spies નથી. અરુણ અરોરાના મનમાં પણ ફિકર પેઠી કે ટાઈમ્સમાં CIA કે આઇ.એસ. આઇ. ઘૂસી ગયું? ફ્રૈઝિયા ધવનના ઉચ્ચારથી પરિચિત હતી, તેને ખ્યાલ આવી ગયો કે મુંબઈમાં પટાવાળાને sepoys કહે છે એની વાત છે.

****

સોળ વર્ષના અંતે ડિસેમ્બર ૨૦૦૩માં સલમાન રશદી એમના કૌમાર્યાવસ્થાના શહેર મુંબઈમાં પાછા ફર્યા. એ વચ્ચેના ગાળામાં તેમણે સેતાનિક વર્સિસ લખી હતી અને એમની સામે ફતવો બહાર પડ્યો હતો, એટલે તેઓ એમની સુંદર પત્ની પદ્માલક્ષ્મી સાથે તાજમહાલ હોટલમાં આવ્યા એ બહુ ખાનગી મિશન હતું, જેની ખબર બોલીવુડ મારફત ટાઇમ્સને મળી હતી. પદ્મા લક્ષ્મી ફિલ્મી શૂટિંગ માટે આવી હતી. તેના પર ફોકસ રહે તો સલમાન ઇન્ટરવ્યૂ આપવાના હતા. " હું તો બોયફ્રેન્ડ તરીકે જ આવ્યો છું," સલમાને કહ્યું. ઇન્ટરવ્યૂ લેનાર ટીમના ત્રણ લોકોમાં એક દીના વકીલ હતાં જેમણે ઇન્ડિયન એક્સપ્રેસમાં સલમાનના પુસ્તક મિડનાઇટ્સ ચિલ્ડ્રન પર લખ્યું હતું. સલમાન જ્યારે તોફાની છોકરો હતા એ સમયે તેમને એ મળ્યા હતા અને 'ગ્રાઉન્ડ બિનીથ માય ફીટ માં તેઓ મીના વકીલ તરીકે રજૂ થયેલાં. ફોટોગ્રાફર શ્રીરામે થોડા અકળાયેલા રશદીને હળવા કરવા માટે પૂછ્યું, "મુંબઈમાં પહેલીવાર આવો છો ?" દીનાના ગુસ્સાનો પાર ન હતો પણ સલમાનને આંખમાં ચમક સાથે કહ્યું, " Not quite."

****

એક વખત ટાઈમ્સના સી.ઇ.ઓ.એ એક સંવાદદાતાને એક અત્યંત ખાનગી મિશન પર મોકલી - નેતાજી સુભાષચંદ્ર બોઝ કે એલ્વિસ નહોતા જોવા મળ્યા પણ વારાણસીમાં મેડોના દેખાઈ હતી. બે દિવસની પારાવાર રખડપટ્ટી પછી તેને એક સાહસિક સાધુ મળ્યો જેણે આ અફવા ફેલાવી હતી.

****

મેનેજિંગ ડિરેક્ટર વિનીત જૈન ન્યુઝ સ્ટોરીઝનું સંચાલન પણ કરતા. એમના સામાજિક સંપર્કોને કારણે અહેવાલમાં ઘણા મસાલા ઉમેરી શકાતા. ૨૦૦૯માં એમડીએ જાતે જ એક મોટી સ્ટોરી જાહેર કરી. રાજકીય સંપર્કો ધરાવતો મનુ શર્મા જેસીકા લાલ ખૂન કેસના હાઈ પ્રોફાઈલ કેસમાં મુખ્ય આરોપી હતો. તે માંદી માતાને મળવાના બહાને પેરોલ પર છૂટીને પાર્ટીઓ કરતો હતો. દિલ્હીના પોલીસ કમિશનરના પુત્ર સાથે અશોક હોટેલમાં બોલાચાલી કરીને તેણે ધ્યાન ખેંચ્યું અને પછી બાજુની સમ્રાટ હોટલના લાઉન્જ એન્ડ પાર્ટીમાં પહોંચ્યો, ત્યાં પોલીસ આવી ગઈ પણ મનુ છટકી ગયો. કપડાની નિકાસનો વ્યવસાય કરતો તેનો મિત્ર સલીલ ઢીંગરા સપડાઈ ગયો. પોલીસે ભૂલથી બિઝનેસ ટાયકૂન સમીર થાપરને પણ પકડ્યો જેણે વિનીત જૈનને ફોન કર્યો. વિનીતે દિલ્હી ટાઇમ્સના રિપોર્ટરને બોલાવ્યો અને એની સાથે ' લાઉંજ એન્ડ પાર્ટી ' માં ગયા અને દિલ્હીના રેસીડેન્ટ એડિટર વિકાસ સિંહને જાણ કરી કે એમ.ડી.ને પૂરી જાણકારી ન મળે ત્યાં સુધી આ કહાણી પકડી રાખવી. દરમિયાનમાં

મુંબઈથી જયદીપ બોઝ  વિકાસ પર બધી આવૃત્તિ માટે સ્ટોરી રિલીઝ કરવા વારંવાર ફોન કરતા હતા વિકાસે તેને કહ્યું, 'રિપોર્ટર કહે છે સ્ટોરીને રોકી રાખો.' જયદીપ ગરજ્યા, કોણ છે આ રિપોર્ટર? વિકાસે કહ્યું, 'એમ.ડી.'

****

ટાઈમ્સની નીતિ એવી રહી છે કે નિરાશાજનક સમાચારોમાં એક પંક્તિમાં મરણ પામનારાઓનો આંકડો આપીને બચેલાઓની વાત અને માણસની ખુમારીની વાત કરવી. આશા આકાંક્ષાઓને ઉત્તેજવાનો તેનો પ્રયાસ હોય છે.

****

ટાઈમ્સ ઓફ ઇન્ડિયાની ઇમારતમાં નીચેના માળ પર ટાઈમ્સ બેંક ખુલી ત્યારે એનું સહુથી મોટું આકર્ષણ હતું તૈયબ મહેતાનું વિશાળ કદનું ચિત્ર મહિષાસુર. થોડા વર્ષો પછી બેંક તો બંધ થઈ ગઈ પણ તૈયબના ચિત્રની કિંમત વધતી રહી.  પરંતુ સમીરના મિત્ર અને કલાના સંગ્રાહક હર્ષ ગોએન્કાના મતે આ ચિત્ર જોરદાર નેગેટિવ કંપનો આપતું હતું એટલે સમીરે સપ્ટેમ્બર ૨૦૦૨માં ક્રિસ્ટી માં હરાજી માટે મૂક્યું; તેને કોઈ પણ ભારતીય ચિત્ર કરતાં ઊંચી કિંમતે દર ચોરસ ઇંચના આધાર પર $૧૦૭,૫૫૦ માં વેચાયું.



****

ટાઈમ્સની પુરાણી ઇમારત આધુનિકતાના બહાના સામે પોતાનું ગૌરવ જાળવી શકી છે.  બહારનો દેખાવ જળવાઈ રહયો છે, અંદર ફેરફાર થતા રહ્યા છે.  છતાં અંદર પણ લોખંડના ઢાળાના થાંભલા રહેવા દેવાયા છે.

****

સરકાર કે રાજકારણીઓને બનાવી કે મિટાવી શકે એવાં એક શક્તિશાળી સામ્રાજ્યના અધિપતિ હોવા છતાં સમીરને ક્યારેય રાજકારણમાં રસ ન હતો.  પ્રફુલ પટેલ હજી ઉડ્ડયન ખાતાંના પ્રધાન નહોતા બન્યા ત્યારે સમીર એમને મળ્યા અને  પૂછ્યું, " તમે કયા પક્ષમાં છો?" એમનો પરિચય કરાવનાર પ્રદીપ ગુહા માટે આ સારી એવી મૂંઝવણ ઉભી કરનારી વાત હતી.

****

ગુહા શિવ સેનાના સુપ્રીમો ની વાત ખુશી ખુશી કરતા. એ વારંવાર ફોન પર ગુહાને ટાઇમ્સમાં શું આવવું જોઈએ અને શું ન આવવું જોઈએ તેની સલાહ આપતા. " તો મેં એક દિવસ એમને કહી દીધું, ' બાલાસાહેબ, તમે અહીં આવીને મારી ખુરશી પર શા માટે બેસી નથી જતા?'"

****

કોઈ પણ સંસ્થામાં જાતીય સતામણી સ્ત્રીઓ માટે અને મેનેજમેન્ટ માટે એક વ્યાવસાયિક ખતરો છે. પર્સનલ મેનેજર કે ક્યારેક તંત્રીઓ પણ એવું કરતા હોય છે.  ટાઇમ્સમાં  મેડિકલ રૂમમાં આવો ડોકટર

હતો. મહિલાઓનું પ્રતીનિધી મંડળ જી.એમ. ડૉ. તરનેજાને મળ્યું.  આ રીતે ત્રણ વાર રજૂઆત કર્યા પછી એ માણસને દૂર કરવામાં આવ્યો.

****

ટાઇમ્સમાં રોમાંસના કિસ્સાઓ બન્યા હતા અને એમાં કેટલાકમાં સુખદ પરિણામ પણ આવ્યાં હતાં.

****

જૈન પરિવારના રહેણાક ઘરો દિલ્હી અને મુંબઈમાં મુલાકાતે આવતા સિનિયર સ્ટાફના ગેસ્ટ હાઉસ તરીકે પણ વપરાતા. ભોજન ઘરના ખોરાકની જેમ કાળજી લઈને બનાવવામાં આવતો. સવારના નાસ્તામાં સામાન્ય રીતે શાકભાજી ઉમેરેલા પૌવા, સંભાર સાથે ઈડલી કે ઢોસા બનાવવામાં આવતા, સાથે તાજી બનાવેલી ચટણી પણ બનતી. પછીથી ઈંડાં નો ઉમેરો થયો પણ એનો માત્ર સફેદ ભાગ જ આપવામાં આવતો.

## નામકરણની રમત

ટાઇમ્સના સ્ટાફમાં દરેકની કોઈ લાક્ષણિકતા પરથી કે નામ પરથી ટૂંકાવીને નવું નામ પાડવાની રમત ચાલતી રહેતી અને એમાં આર. કે. લક્ષ્મણનો પણ ફાળો રહેતો. જેમ જયદીપ બોઝને જોજો કહેવામાં આવતા એમ કે. સુબ્રહ્મનીયમને બોમ્બમામા કહેવામાં આવતા (અણુબોમ્બની વકીલાતને કારણે). તેઓ ડાયાબિટીક હતા અને પછી તેમને કેન્સરનું પણ નિદાન કરવામાં આવ્યું. તેઓ ટોપ મેનેજમેન્ટ સાથેની પીડાકારક મુલાકાતોને કેમોથેરપી કહેતા દિલીપ પડગાંઓકરને પેડી કહેતા અને તેમના મજબૂત ફ્રેન્ચ સંધાનને કારણે દિલીપને ફિલિપ પણ કહેતા.

જગ સુરૈયાનું તો કંઈ નામ નહોતું પાડ્યું, એનું નામ પહેલેથી જ ટૂંકું હતું. એમના મૂળ શહેર કલકત્તામાં મોટાભાગના લોકો બંગાળીમાં યુગનો જે રીતે ઉચ્ચાર કરે છે એમ જુગ કહેતા. આ બાબતમાં જગ ખુદ ક્યારેક આ વાત કરવાનો આનંદ લેતા. એકવાર જગ કલકત્તાના સૌથી જાણીતા બંગાળી હોમિયોપેથ પાસે ગયા. રોગગ્રસ્ત લોકો વચ્ચે બે કલાક સુધી રાહ જોઈને કંટાળ્યા એટલે ધોતીધારી રિસેપ્શનિસ્ટ પાસે જઈને એમના પછી આવેલા લોકોને ડોક્ટર પાસે મોકલ્યા પણ પોતાને હજી કેમ બોલાવ્યા ન હતા એ વાતનો ઉગ્ર વાંધો ઉઠાવ્યો. બંગાળી રિસેપ્શનિસ્ટે તેનો ટોકન નંબર જોયો અને સામો ઉગ્ર વિરોધ કર્યો, " આપની કી નોનસેન્સ બોલ ચે ? તમારું નામ મેં ત્રણ વાર ઉચ્ચાર્યું હતું,  યુગ શુરજો, યુગ શુરજો, યુગ શુરજો."

મુંબઈની ટાઈમ્સ ઇમારતના ચોથા માળ પર ખુશવંત સિંહની રમૂજપ્રેમી ટીમ લેબલ લગાવવાના કામમાં બહુ પ્રવૃત્ત રહેતી.  કુર્રતુલએન હૈદર " અન્ની " જબરદસ્ત બૌદ્ધિક હતાં પણ સ્કૂલની છોકરી જેવી તોફાની ટીખળની સમજ ધરાવતાં અને અજોડ "નામ પાડનારા"  હતાં .

ધર્મયુગના તંત્રી ધર્મવીર ભારતીના મોઢામાં હંમેશાં સિગાર રહેતી એટલે એમને અલ કપોન નામ અપાયું હતું.  ફાતમા ઝકરિયા "મા ઝેક્સ" કહેવાતાં અને એ કહેનારા હતા જીગ્સ (જય ઇન્દર) કાલરા અને બિક્સ (બિક્રમ) વોરા.  એક સહકર્મચારીના પુત્રને કાઉબોયની જેમ બોલાવતા રમેશ ચંદ્રનને એ

છોકરાએ ' બેંગ બેંગ ' નામ આપ્યું હતું.  ક્રોસવર્ડ બનાવનારા, ક્રિકેટ અને ફિલ્મ સંગીત પર લખતા રાજુ ભારતનને કોઈએ આ રીતે બોલાવ્યા: " રા - જુ - ભા - ર - તન, તમારો ફોન ! " ભારતને ઊંચું જોઈને એમની ટેવ મુજબ નાકની બંને બાજુએથી આંગળી લગાડીને કહ્યું, " મને તમારા અવાજમાં irony લાગે છે. " એટલે એમનું નામ પડ્યું The Irony Detector.

*******

બેનેટ કૉલમેન દ્વારા વર્ષ ૨૦૦૫ માં ભારતનું પ્રથમ કોમ્પેક્ટ પેપર મુંબઈ મિરર બહાર પાડવામાં આવ્યું


MumbaiMirror

GUJARAT CM, OUT AT 75!

THROUGH THE LOOKING GLASS

•WADA can challenge NADA's clearance
•IOC must accept wrestler's late entry

Narsingh Yadav still two steps away from Rio

FOREST DEPT RESTRICTS KAAS FLOW

New School Syllabus will be easy like a game

FREE

અને એના પ્રિન્ટિંગ માટે હિન્દુસ્તાન ટાઇમ્સના પ્રેસનો ઉપયોગ કર્યો, કેમકે તેમની પાસે છાપવાની ક્ષમતા રહી ન હતી. મુંબઈ મિરર પણ ટાઈમ્સના બધા જ પ્રકાશનોની જેમ મુખ્ય જહાજનું રક્ષણ કરવા માટેની સમીર જૈનની ફ્લોટિલ્લા (નાના જહાજોનો કાફલો) સ્ટ્રેટેજી  નો ભાગ હતો.

આનો એકદમ સ્પષ્ટ દાખલો હતો વિજયપત સિંઘાણીયાના ઇન્ડિયન પોસ્ટ ની સામે શરૂ કરાયેલ ધ ઇન્ડિપેન્ડન્ટ. ઇન્ડિપેન્ડન્ટમાં ઉત્તમ પ્રકારના કાગળ પર સુંદર છાપકામ કરવામાં આવતું અને એના માટે ઇન્ડિયન પોસ્ટમાંથી છુટા કરાયેલ વિનોદ મહેતાને તંત્રી તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. એમ છતાં આ બધું તો ૨૦૦૫માં હિન્દુસ્તાન ટાઈમ્સ મુંબઈમાં આવ્યું અને દૈનિક ભાસ્કરનું નવું ડીએનએ પ્રગટ થયું એની સરખામણીમાં રમકડાના સૈનિકોની લડાઈ સમાન હતું. એ બંને અખબારો દેશના સૌથી મોટા જાહેર ખબર ના બજારમાંથી મોટો ભાગ ખેંચી લેવા માગતા હતા. ટાઈમ્સએ તમામ સ્થાપિત તેમજ નવા ઉપાયો દ્વારા પોતાના ઇજારાશાહી ગઢને બચાવવા પ્રયત્ન કર્યા. હજુ પણ જાહેરાતની આવક અને ફેલાવવામાં ટાઈમ્સ આગળ રહ્યું છે.  બેંગલોરમાં ડેકન હેરાલ્ડનું વર્ચસ્વ હતું ત્યાં ટાઈમ્સએ પોતાના વિશિષ્ટ આધુનિક કોસ્મોપોલિટન વલણથી તેને પાછું પાડી દીધું . "ચેન્નાઇમાં એક સમયે પાટલૂન જોવા ન મળતી, હવે લૂંગી ભાગ્યે જ દેખાય છે," આ પરિવર્તનને પકડવાનો અમારો હેતુ હતો, એમ રવિ ધારીવાલે કહ્યું હતું. એના માટે એક અજોડ જાહેરાત સર્જવામાં આવી હતી - A Day In The Life of Chennai. [1]ચેન્નાઈની ૩૬૯મી જયંતિ વખતે એને રિલીઝ કરવામાં આવી. આ જીંગલ  'નક્કા મુકા ' ને કેન્સનો એવોર્ડ ૨૦૦૯ માં મળ્યો હતો. ચેન્નાઈમાં હિન્દુનું વર્ચસ્વ હતું ત્યાં થોડા જ માસમાં ટાઈમ્સે અઢી લાખ કોપીનો આંકડો પાર કરી દીધો.

\+ \+ \+

## દોઢ શતાબ્દિની ઉજવણી

૧૯૮૮ - ૧૯૮૯નું વર્ષ sesquicentennial હતું એટલે કે ૧૫૦ વર્ષની જયંતિ. એવી શંકા થાય કે આ શબ્દ ટાઈમ્સથી થોડા સમય પહેલાં જ  પોતાની જયંતિ ઉજવનાર લા માર્ટીનીઅર દ્વારા ઉપયોગમાં


---

[1] તંત્રી નોંધ: આ વિડીયો ક્લિપ યુ ટ્યુબ પરથી સાંદર્ભિક સ્પષ્ટતા માટે જ અહીં લીધેલ છે. https://youtu.be/Uy3hp47GfA4?si=sLgOOwr2gbxpDngz

લેવામાં આવ્યો હોય અને, બચી કહે છે તેમ, ટાઇમ્સમાં થોડા સમય પહેલાં જ આવેલા તેના હોંશિયાર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ચંદન મિત્રા અને સ્વપન દાસગુપ્તા દ્વારા સૂચવાયો હોય શકે.

આ દોઢસોમી જયંતીથી ઓલ્ડ લેડી ઓફ બોરીબંદર ને એક શક્તિશાળી યુવતી બનાવી દીધી અને ટાઈમ્સને એક અખબારમાં બ્રાંડમાં પરિવર્તિત કરી નાંખ્યું. સમીર જૈનનું આ જ વિઝન હતું અને એની ઉજવણી એમની તરવરતભરી બહેન નંદિતાનું સર્જન હતી. એને નક્કર સ્વરૂપ આપનારા હતા એડવર્ટાઇઝિંગના વડા પ્રદીપ ગુહા અને ૧૯૮૨ના અંતમાં જોડાયેલા પ્રીતિશ નંદી, જેમને " ઇલસ્ટ્રેટેડ વિકલી, ફિલ્મફેર, ધ ઈંડીપેન્ડન્ટ, ઈવનીંગ ન્યૂઝ - જે બીજું કોઈ ન ચલાવી શકે તે - નો ચાર્જ સોંપાયો હતો" એવું એમની આગવી નમ્રતાપૂર્વક તેઓ કહેતા.

આ ઉજવણીમાં કંઈક અદભૂત, ઝમકદાર કરવાનો ઇરાદો હતો. કૈંક મોટું, એવું જે કલ્પના અને શક્તિનું પ્રદર્શન કરે એને એ પણ એવી રીતે જે કેવળ ટાઈમ્સ ઓફ ઇન્ડિયા જ કરી શકે. જયુબિલીથી એના જન્મના શહેર સાથે પુનઃ સંધાન કરવાની તક ઝડપી લેવામાં આવી.




નવેમ્બર ૩, ૧૯૮૮ના રોજ વડા પ્રધાન રાજીવ ગાંધી મુંબઈ આવ્યા અને સોનેરી પાર્શ્વભૂ પર લક્ષ્મણના સામાન્ય માણસની સ્ટેમ્પ રિલીઝ કરી.

નંદીનું વિકલી કલાકારોને ઉત્તેજન આપવાનું કરી કરતું હતું એટલે મુંબઇના હાર્દ સમા વિક્ટોરિયા ટર્મિનસ પર જ એક મોટો આર્ટ ઇવેન્ટ યોજવાનો વિચાર રજૂ થયો.

"અરે, ગાંડા થયા છો? લોકો ધમાલ મચાવી નાંખશે, સલામતીની વ્યવસ્થા પાછળ પૈસાનું આંધણ થશે."

નંદીએ જવાબ વાળ્યો, " મારો વિશ્વાસ કરો, આપણને સિક્યુરિટીની જરૂર નહિ પડે. દરેક કામની જવાબદારી હું લઈશ. આપણે પ્રદર્શનનો વીમો લઈશું."

‘ટાઈમલેસ આર્ટ’ નું લોકોના આશ્ચર્ય અને અહોભાવ સાથે ઉદઘાટન થયું. સ્ટેશનના પ્રવેશખંડ અત્યાર સુધી અંધકારમાં રહેલ ફ્રેડરિક વિલિયમ સ્ટીવનના બોમ્બે ગોથિક સર્જનના આર્કિટેકચરની શોભા લાઈટિંગને કારણે એક માસ્ટરપીસ તરીકે પ્રગટ થઈ. પછીના બે સપ્તાહ સુધી આમ જનતાને આ પ્રદર્શન આકર્ષિત કરતું રહ્યું. લાખો લોકોએ એમની રોજની દોડધામમાં સ્ટેશનને આવા દર્શનીય પ્રકાશમાં જોયું ન હતું. તેઓની ટ્રેન ભલે જતી રહે, રાત્રિભોજન ભલે મોડું થાય. આવો નજારો ફરી ક્યારે જોવા મળે? ત્યારે પ્રમાણમાં ઓછા જાણીતા અસ્તાદ દેબુએ પોતાનો દેશી - ગ્લોબલ સ્પર્શ આપ્યો. આધુનિક નૃત્યનો એ પ્રથમ પુરસ્કર્તા હતો જે પોતાની ભરત નાટ્યમ, કુચિપૂડી અને કથકની તાલીમને માર્થા ગ્રેહામ હેઠળ શીખેલ કોરિયોગ્રાફી સાથે સંયોજતો હતો.

પ્રદર્શનનો આખરી પડાવ હતો હરાજી. એના માટે કોઈ સ્થાનિક હરાજી કરનારો ન ચાલે. સ્કોટ કવિ વોલ્ટર ડી લા મેરનો પરભત્રીજો (grandnephew) એ કાર્ય કરવા માટે સંમત થયો. સોધબીઝ ના રેકર્ડમાં પણ તેની અભૂતપૂર્વ હરાજી તરીકે પ્રશંસા થઈ છે. એમાં નવા અને જુના 35 કલાકારોના કામનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું અને એના દ્વારા ઘણા કલાકારો આંતરરાષ્ટ્રીય તખ્તા પર આવ્યા નલીની

માલિની, મનજિત બાવા, એન.એસ. બેન્દ્રે, ભુપેન ખખર, મનુ પારેખ, માધવી પારેખ, ગીવ પટેલ, એલેક્સ મેથ્યુ, તૈયબ મહેતા, મૃણાલીની મુખર્જી, પુષ્પમાલા, રવિન્દ્ર રેડી, હિંમત શો, નીલિમા શેખ, જી.એમ. શેખ, કે.જી. સુબ્રમણ્યમ અને વિવાન સુંદરમ ઇત્યાદિ.

આ માટેનું સ્થળ પણ અભૂતપૂર્વ હતું: નેવી નગરનું ટ્રેનિંગ શિપ જવાહર. સફળ બીડ કરનારા માં હિન્દુજા હતા, પણ એ રાત્રે ઇતિહાસ સર્જનારા બીજા હતા. એમ એફ હુસૈનું એક ચિત્ર ત્યારે બહુ મોટી લાગે એવી ₹ ૧૦,૦૦,૦૦૦ ની રકમમાં વેચાયું. એ ચિત્ર હીરાના એક વેપારીએ લીધું અને નંદીના કહેવા પ્રમાણે, " એવી અફવા હતી કે એ કલાકારે એવો સોદો કર્યો હતો કે જો એ હરાજીમાં ૧૦ લાખની બોલી આપશે તો તે એમને પોતાના ત્રણ ચિત્રો મફત આપશે."

અન્ય એક યાદગાર ઉજવણી હતી "અસામાન્ય રાગો". જેની સંપૂર્ણ જવાબદારી નંદિતાએ ઉઠાવી હતી.[2]




આ અવસર પર આઠ સુંદર કોફી ટેબલ બુક્સ[3] પ્રગટ કરવામાં આવી જે આજે પણ કલેક્ટર્સ આઈટમ ગણાય છે.

સૌથી મોટી હાજરીને આકર્ષનારો કાર્યક્રમ હતો હ્યુમન રાઈટ કોન્સર્ટ. દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમમાં યોજાયેલ હ્યુમન રાઇટ્સ નાઓ કોન્સર્ટમાં રજૂ થયા ટ્રેસી ચેપમેન, પીટર ગેબરીયલ, સ્ટિંગ અને બ્રુસ સ્પ્રિંગસ્ટીન . મુંબઈમાં ગેટવે ઓફ ઇન્ડિયા અને સીરી ફોર્ટ પર ફેશન શો યોજાયો.

મુંબઈના ડી એન રોડ પરની ઇમારતમાં ઇન્ટિરિયર હાફિઝ કોન્ટ્રાક્ટરે (જેને મજાકમાં ફુલ ફીસ કોન્ટ્રાક્ટર કહે છે તેણે) ડિઝાઇન કર્યો.

સૌથી મોટો કાયાપલટનો દાખલો હતો બીજા માળનો. ગરમ અને ગાંડા ટાઇપ સેટિંગના રૂમની જગ્યાએ શો પીસ જેવો નવો ખંડ બન્યો, જ્યાં રિસ્પોન્સ " નામ અપાયેલા એડવર્ટાઇઝિંગ ડિપાર્ટમેન્ટ ને મૂકવામાં આવ્યું. આ માળ પર બહારના લોકો સૌથી વધુ આવતા. રાજસ્થાની ઝરોખા, ફ્રેમમાં મઢેલી મહત્વની જાહેરાતો અને વર્તમાન કલાની નકલો મૂકવામાં આવી હતી. જૂના લોખંડના સ્તંભ પર ચમકદાર બ્લુ અને ઓરેન્જ રંગો લગાડવામાં આવ્યા હતા. ન્યૂઝ રૂમમાં રેસીડેન્ટ એડિટર ડેરિલ ડી મોન્ટેએ ફ્લોર ગ્રેનાઇટનું ન બનાવવા દીધું, એની બદલે કોટા સ્ટોનનો ઉપયોગ કરવામાં આવ્યો.

ડેરિલ આઠ વર્ષ બહાર કામ કર્યા પછી ટાઇમ્સમાં પાછો ફર્યો હતો. ટાઈમ્સના સેસ્ક્વીસેંટેન્નીઅલ માટે વિશેષ અંકો બહાર પાડવાનું આયોજન કરવાનું હતું. ઘણા ડમ્મી બન્યા, રદ કરાયા, એ બધાં કામમાં બે સિનિયર મહિલા પત્રકારો ટાઇમ્સમાં પાછી ફરી હતી તેઓ ડેરિલને મદદ કરી રહી હતી. એક વાર તંગ

[2] તંત્રી નોંધ: આ ક્લિપ HOME / Music in context / Raga in Context/ TIME/ Morning Ragas પર જવાથી સાંભળી શકાય છે.

[3] Coffee-table books

મનોદશામાં ડેરીલે તેના સેક્રેટરીને પૂછ્યું, " પેલાં બે જૂનાં ડમી ક્યાં છે?" કાર્ટૂનિસ્ટ ઉન્નીએ જવાબ આપ્યો, "તેઓ ભોજન કરવા ગયાં છે."

ઉજવણીમાં નંદિતા જૈનને મદદ કરનારી રિસ્પોન્સ ટીમની બે યુવાન મહિલાઓમાંની એક ઇન્દિરા દેઇશ નું કહેવું હતું, કે તેઓ ચાર વાગ્યે ઊઠીને પાંચ ત્રીસ વાગ્યે Morning Ragas ના પ્રસંગમાં પહોંચી જતાં, પરંપરાગત ભારતીય વસ્ત્રોમાં કતારમાં ઉભા રહેતાં અને મહેમાનો પર ગુલાબજળનો છંટકાવ કરતાં; સામાજિક હળવા - મળવાનો અનુભવ થયો, આતિથ્યના અનેક પાસાંઓ શીખ્યાં. આ બધું ઓર્ડરથી નહિ પણ નંદિતા જૈન પોતે આ બધું જે રીતે કરતાં હતાં એના ઉદાહરણથી શીખ્યાં. ટીના સિંહ કહે છે, અમે અમારી વિશીની વયમાં હતાં અને આવા ઉચ્ચ કક્ષાના સંગીત, નૃત્ય અને ફેશન અંગે અજાણ હતાં. અહીં અમે ખુદ ઇવ સાં લોરાં (Yves St Laurent) ના કે સ્ટિંગ, બ્રુસ સ્પ્રિંગસ્ટીન અને ટ્રેસી ચેપમેનના શો સાથે સંકળાયા હતાં.

\+ + +

## ટાઈમ્સ ગ્રૂપ અને જૈન પરિવાર

રામકૃષ્ણ દાલમીઆના જમાઈ હોવાને નાતે સાહુ (શાન્તિ પ્રસાદ) જૈન બેનેટ કોલમૅન એન્ડ કંપની લિ. ના મુખ્ય શેરહૉલ્ડર બન્યા. તેમના પુત્ર અશોક જૈને ૧૯૬૦થી લઈને તેમના અવસાન પર્યંત ટાઈમ્સની બાગડોર સંભાળી હતી. અશોક જૈનના ૧૯૯માં અવસાન પછી ટાઈમ્સનાં મુખ્ય શેરહૉલ્ડર તરીકે જૈન પરિવારની ધુરા ઇન્દુ જૈને સંભાળી.

# ઇન્દુ જૈન - જ્યારે એક સ્ત્રી ચેરમેન બની

ચમકતા ચહેરાવાળા ઇન્દુ જૈન એના પતિ અશોક જૈનના અવસાન પછી ૧૯૯૯ માં ચેરમેન બન્યાં.



મેનેજર અને તંત્રીઓએ વધુ એક પારદ સમાન વ્યક્તિગત લાક્ષણિકતાઓને અનુકૂળ થવા પ્રયત્ન કરવા પડ્યા. ઇન્દુ જૈન પ્રકાશનોને વધુ નરમ, માયાળુ અને ખુશહાલ બનાવવા માગતાં હતાં. એમણે નકારાત્મક વાતોને છાપવા પર પ્રતિબંધ મૂક્યો. સમય જતાં આમાંથી આફતોના રોજિંદા ડોઝમાંથી એક સકારાત્મક અભિગમ બહાર આવ્યો. પર્યાવરણ શાંતિ કેળવણી અને લોકોની સહભાગીતા પર તેમણે ભાર મૂક્યો અને લોકશક્તિને સરકાર અને મ્યુનિસિપલ નિર્ણયોમાં ભાગીદાર બનાવવા પ્રયત્ન કર્યા.

ટાઈમ્સ ફાઉન્ડેશન તેમનું માનસ બાળક છે. મુંબઈમાં ટાઈમ્સના બિલ્ડિંગમાં એક જગ્યા રેકીથી માંડીને ઋગ્વેદ સુધીના વર્ગો ચલાવવા માટે ફાળવવામાં આવી. દિલ્હીમાં નંદિતા અવસાન પછી તિલક માર્ગ પર આવેલો લુટેન્સ બંગલો આખો આવી સેવાઓ માટે રાખવામાં આવ્યો.

બચી કહે છે, "Yes, like Maggi, Indu Mata is different. And, yes, she can be saucy too."

ઈન્દુ જૈનનાં ત્રણ સંતાનો હતાં, સમીર, વિનીત અને નંદિતા.

## નંદિતા જૈન

સ્વર્ગીય નંદિતા જૈન ઉત્સાહી, સમર્પિત અને માનવતાવાદી હતાં અને એમના વડીલ બંધુ સમીરની જેમ ખૂબ જ ઉદાર હતાં. એમના લગ્ન વખતે ૪, તિલક માર્ગ પર આવેલો બંગલો એને આપવામાં આવેલો જેને એમણે પોતાની ડિઝાઇનની સમજ અને પોતાના કલાના સંગ્રહથી સજાવ્યો.



એ પહેલાં ઇકોનોમિક ટાઇમ્સની ૨૫મી એનિવર્સરીની પાર્ટી ત્યાં યોજવામાં આવી હતી. ત્યાં જૂની ઘસાયેલી લોન પર બુલડોઝર ફેરવી, સમથળ કરીને ૧×૧ ફૂટના ઘાસના ચોરસ પથરાવ્યાં. ET ના પિંક પેપર જેવો રંગ કરવા માટે વૃક્ષોથી ઘેરાયેલ વિસ્તારમાં વૃક્ષોને ક્રેપ રિબન વીંટાળી ને પેપર લગાડેલી સ્પોટલાઇટ મૂકી. ગુલાબી દમાસ્ક નેપકીન મૂકવામાં આવ્યા સનેગુલબી શેમ્પેઇન સર્વ કરવામાં આવ્યો. આ સુંદર સજાવટની મહિનાઓ સુધી વાતો થતી રહી.

નંદિતા કામ પૂર્ણરીતે સંકળાયેલી રહ્યાં. તેણે પ્રેમ, ઉત્સાહ અને કલ્પનાથી ઉજવણીના કાર્યક્રમો આખું વર્ષ યોજ્યા. તે એક મિત્ર જેવાં બૉસ હતાં. પોતાની ટીમને નિયમિત રીતે બપોરના અને સાંજના ભોજન માટે બહાર લઈ જતાં અને પોતાના ભાઈઓથી વિપરીત, એ પોતાને તેના પ્રથમ નામથી સંબોધિત થવાનું પસંદ કરતાં. આર્ટ તેનું સૌથી મોટું વળગણ હતું. તેણે ૧૫૦ વર્ષની ઉજવણીના આરંભમાં તેને યોજેલું Timeless Art અદભુત હતું. તેની દેખરેખનું કામ પ્રખ્યાત કલાકાર મનજીત બાવાનું હતું. મુંબઈમાં નંદી તેમનો જમણો હાથ હતાઅને દિલ્હીમાં સબિના સેહગલ, સૈકિયા તથા શિખા ત્રિવેદીએ તેમને સાથ આપ્યો. ૨૦૦૮માં ૨૬/૧૧ના તાજ મહાલ હોટેલ પરના આતંકવાદી હુમલામાં સબિનાનું હજી એની ચાલીસીમા જ નિધન થયું.

૨૦૦૧માં નંદિતા જૈન અને અન્ય સાત વ્યક્તિઓને લઈ જતું હેલિકોપ્ટર અરૂણાચલના જંગલમાં તૂટી પડવાથી તેઓ મરણ પામ્યાં. નંદિતાની જીવંત તસવીર વિનીતની દિલ્હી ઓફિસમાં મૂકેલી છે. જૈનોનો મૃત્યુ તરફનો બધો સમભાવ આ આઘાતને હળવો નથી બનાવી શક્યો.

## સમીર જૈન - ટાઈમ્સના વી.સી અને એમ.ડી.

ટાઈમ્સની પરંપરા સિનિયર મેનેજર અંદરથી જ ઊભા કરવાની હતી. સતીષ મહેતા અને રામલક્ષ્મણ બંને આઇ.ટી.સી.ના સિગરેટ અને હોટેલ વિભાગમાંથી લાવવામાં આવ્યા હતા, પણ મોટાભાગના લોકો અંદરથી જ પ્રમોશન મેળવીને  આગળ આવ્યા હતા, જેમ કે પી.આર કૃષ્ણમૂર્તિ પર્સનલ સેક્રેટરીમાંથી જનરલ મેનેજર બન્યા હતા. પછી આવેલી પેઢી જુદી રીતે વિચારતી હતી, એટલે સમીર અને વિનીત

જૈન એ બંને ભાઈઓએ મલ્ટીનેશનલ કોર્પોરેશન (એમ એન સી)માંથી અધિકારીઓ પસંદ કરવાનું શરૂ કર્યું. પેપ્સીકોના ઉચ્ચ હોદ્દા પરથી રવિ ધારીવાલ અને મહેન્દ્ર સ્વરૂપ ને ટાઇમ્સમાં લાવવામાં આવ્યા.

સ્વરૂપને પહેલી જ મુલાકાતથી ખ્યાલ આવી ગયો કે તેમણે આ બે જૈન ભાઈઓ માટે કામ કરવાનું છે બેનેટ માટે નહીં. લગભગ આવો જ અનુભવ ધારીવાલને પણ થયો.

એમ એન સી અને વીસીની સ્ટાઈલમાં તફાવત ડાઇનિંગ ટેબલનો હતો એવો સ્વરૂપને ખ્યાલ આવી ગયો. સ્વરૂપે શું ખાવું જોઈએ અને શું ન ખાવું જોઈએ એ સમીર જૈન (વીસી – Vice Chairman) એમને કહેતા અને પોતે જ એમને પીરસતા પણ. ક્યારેક તેઓ સ્વરૂપના ઘરે પહોંચી જતા, પાછળ એમનો ડ્રાઇવર મોટું હોટ કેસરૉલ લઈને ચાલતો હોય. પછી તેઓ કહે, " મહેન્દ્રજી, આજ આપકી ફેવરિટ કઢી બનાઈથી."



રવિ ધારીવાલને યુનીલિવરનો અનુભવ હતો, જ્યાં કાળજીપૂર્વક દસ્તાવેજીકરણ થતું અને નાણાકીય નિયમોને અનુસરવામાં આવતા. અહીં તો બિઝનેસ સહજવૃત્તિ (instinct) થી ચાલતો હતો અને કોઈને કંઈ ફરિયાદ ન હતી. પ્રદીપ ગૂહા, અરુણ અરોરા, વિજય જિંદાલ, રવિ ધારીવાલ, રાહુલ કૌશલ, આ બધી જ તદ્દન એકબીજાથી અલગ વ્યક્તિઓ હતી. આ કંપની બહુ અલગ છે. બીજી જગ્યાએ એજન્ડા હોય છે, એની ચર્ચા કરીને બધા પોતાના કામમાં વ્યસ્ત થઈ જાય છે. અહીં તો લીડરશીપના દરબારમાં વીસી પોતાનું મુક્ત ભાષણ આપે છે અને બીજાઓ પોતાના અલગ મત વ્યક્ત કરે છે જે વીસીને ગમે છે પણ એ સ્વીકારે તો પસંદ કરેલા માણસોના જ અભિપ્રાયો.

રવિ ધારીવાલ માને છે કે કોઈ માનીતો કર્મચારી ટાઈમ્સ છોડીને જાય એના જેવું દુઃખ બંને ભાઈઓને માટે, ખાસ તો સમીરને, બીજું કંઈ નથી. જનારો સામાન્ય રીતે પાછો ફરે છે - જેમ બચી કરકરીયા ત્રણ વાર પાછાં આવ્યાં.

વીસી (VC) સમીર એની ઓફિસમાંથી નીકળીને ક્યારેક એડિટ કે રિસ્પોન્સ ડિપાર્ટમેન્ટમાંપ્રગટ થાય. હવે એની હાજરીથી થતું ટેન્શન હળવું થયું છે, પહેલાના સમયમાં તો એ અચાનક જતા ન રહે ત્યાં સુધી બધા ચિંતાથી થીજી જતા. હવે તે પત્રકારોની સંગતમાં ઘણા કલાકો ગળે છે, એમની બુદ્ધિશક્તિનો આનંદ લ્યે છે અને કેટલાક પ્રત્યે વિશેષ લાગણી ધરાવે છે. નાનો ભાઈ વિનીત એડિટ પેજના અસ્તિત્વ પણ માન્ય નથી કરતો, જ્યારે મોટા ભાઈ તેના પર અતિ ભારે ધ્યાન આપે છે. કોઈ લાઈન અમુક રીતે શા માટે લખાઈ છે તેના પર કલાકો સુધી સમીર વિચાર અને વિશ્લેષણ કરે છે. એક કોલમ લેખક સમીરને તેની એક વાક્યરચના ટાંકતા સાંભળીને ડઘાઈ ગયો હતો. હાસ્યરસના લેખો પર અન્ય કોઇ મીડિયાના માલિકે તેના જેટલું ઊંડાણપૂર્વક અને વિચારપૂર્વક ધ્યાન નથી આપ્યું.

૧૯૯૬માં ચેરમેન અશોક જૈને એક કોલમની લેખિકાને બોલાવીને બેંગલોર આવૃત્તિની એમ. વી. કામઠે કરેલી આડંબરી ટીકા વિશે કટાક્ષપૂર્ણ ખંડન કરવા માટે રાજીપો વ્યક્ત કર્યો. ચેરમેને કબૂલ કર્યું કે હાસ્યરસના લખાણ વિશે સમીરે મને સમજાવ્યું એ પહેલાં તેઓ એને બિલકુલ નકામું ગણતા હતા. સમીર

સામે ટકી રહેવા માટે અખબારે ભજવવાના ઘણા રોલના બિનપરંપરાગત ખ્યાલને સમજવો પડે. તાતાની અસરકારક ટેગ લાઈન " We also make steel" ની જેમ સમાચાર પૂરા પડવા નું કામ તો માત્ર આનુષંગિક છે, મૂળ મહત્વનું કાર્ય તો ટાઈમ્સનાં વાચકોને બદલાતાં વલણો સમજ વાં અને એ રમતમાં આગળ રહેવા માટે મદદરૂપ થવામાં વધુ મોટો અને ઊંડો ભાગ ભજવવાનું છે.

બચી બહુ સરસ રીતે કહે છે, "આ સંભાળપૂર્વક કેળવેલી મેનેજમેન્ટ સ્ટાઈલ છે - કૈંક નિકોલો મેકિયાવેલી, કંઇક ચાણક્ય, કંઇક માઈકલ ડી મોન્ટેઇન અને સંપૂર્ણતઃ સમીર જૈન. In VC, being mercurial is not a chance genetic trait; it is a dispassionately devised and copyrighted strategy."

વીસી (Vice Chairman)નો એકે એક શબ્દ જેમને તેનો અમલ કરવાનો છે એમના સુધી જંગલમાં નગારાઓના સાદ વડે પહોંચાડાતા સંદેશની જેમ પહોંચી જતો. 'સહકર્મીઓ ' માટે તો એ મુશ્કેલ વિચિત્ર માણસ ખોપરીની ગુફામાં વસતા ફેન્ટમ જેમ મહોરું પહેરેલ વ્યક્તિ જ છે. સહકર્મી (colleague) શબ્દ પણ HR એજન્ડા માટે જ છે, એ વાસ્તવમાં સમાવેશક નથી એ સહુ જાણે છે. એમના માટે બોડી લેન્ગવેજ અગત્યની બાબત છે. મીટીંગ કે મુલાકાતમાં એમની સામે દિલીપ પડગાંઓકર પણ ક્યારેય પગ ક્રોસ કરીને ન બેસતા. કોઈના બૂટના તળિયાં એમની સામે રહે એ પણ સ્વીકાર્ય નહોતું. એક વખત એમની મીટીંગ એટલી મિત્રાચારીપૂર્ણ અને અનૌપચારિક રીતે ચાલતી હતી કે એક સ્ત્રી તંત્રી ખુરશીમાં આરામદાયક સ્થિતિમાં બેઠાં હતાં. ત્યાં તેણે જોયું કે વીસી એક વાળેલી નોટ એના તરફ સરકાવી રહ્યા હતા. એમના કરોળીયા જેવા અક્ષરમાં લખેલું હતું, "ખૂબ સમજદારીપૂર્વક અને આ નોટનો પ્રતિભાવ આપતા હો એવું ન લાગે એ રીતે કૃપા કરીને ટેબલની ધાર સાથે તમારા પગ દબાવીને નહીં બેસો."

વિસીના દરબારમાં લેખન પેડ વગર આવવું એ મોટા ગુના જેવું હતું. આવી મિટિંગમાં નવા સમાવિષ્ટ થયેલાં એક સિનિયર તંત્રીને એક ડિરેક્ટરે " વીસી તરફથી ભેટ" કહીને એક નાની સુઘડ નોટબુક આપી ત્યારે તે બહુ ખુશ થયાં. પ્રદીપ ગુહાને એમણે વાત કરી ત્યારે તેમણે કહ્યું, કે તમારે વિગતવાર નોટ્સ લેવી જોઈએ એવું કહેવાની આ એમની રીત છે. પછીના સમયમાં નોટબુકનુ સ્થાન લેપટોપે લીધું.

સમીર જૈનની ઉદારતાના ઘણા પ્રસંગો બચી યાદ કરે છે. એની સાથોસાથ એમની ખર્ચ બચાવવાની ટિપ્સ પણ યાદ કરે છે. રીસ્પોન્સની એક કોન્ફરન્સ વખતે ઇન્દિરા દેઇશે રિસેપ્શનિસ્ટને સવારે જગાવવા માટે કૉલ કરવાનું અને સાથે ચાની કિટલી મોકલવાનું કહ્યું. તેના ખભા પર કોઈએ ટેપ કરી, પાછળ ફરીને જોયું તો એ વીસી સમીર જૈન હતા. તેણે ઇન્દિરાના હાથમાં બે ટી બેગ મૂકી. "ત્યાર બાદ હું હંમેશા ટી બૅગઝ નું બોક્સ રાખું છું અને માત્ર ગરમ પાણી મંગાવું છું. આમ હું કરકસરનું મૂલ્ય સમજી." સમીર હંમેશા સલાહ આપતા કે તમારી ડીશ પૂરું જમ્યા પહેલાં ન બદલો, અન્યથા યજમાનને વધુ ડિશના પૈસા ચૂકવવા પડશે.

સમીર કહેતા કે ટ્રાવેલ માટેની ટિકિટ લેવાનું કામ સેક્રેટરીઓ ઉપર ન છોડવું, કારણ કે એ લોકોને ખર્ચના પાસાંનો ખ્યાલ નથી હોતો. એમનું કહેવાનું એવું હતું કે સૌથી સસ્તા ક્લાસમાં નહીં પણ સૌથી સસ્તા રૂટ પર ટ્રાવેલ કરો. અશોક સેન યાદ કરે છે, વીસીને પેસિફિક રુટથી અમેરિકા જવા માટે મફત સ્ટોપ ક્યાં મળે એ જોવા માટે એકવાર તેઓ એટલાસ લઈને બેઠા હતા. એમણે ટાહિટી શોધી કાઢ્યું. સમીરને પોલીનેશિયન સંસ્કૃતિની સમજ મળી એનો બહુ આનંદ થયો. તેઓ દેશની અંદર ઇકોનોમી વર્ગ પસંદ

કરતા. એક વખત તેઓ મોડા પડ્યા અને છેલ્લે પ્લેનમાં ઇકોનોમી ક્લાસમાં દાખલ થયા. સીટ બેલ્ટ બાંધવાની સૂચના બંધ થઈ કે તરત એમને મળવા માટે બિઝનેસ ક્લાસના મહાનુભાવોની કતાર લાગી, અને સીટની બે હરોળ વચ્ચેની આઇલ પર જામ થઈ ગયો.

## વિનીત જૈન

વિનીત જૈન સમીર જૈનથી લગભગ દસેક વર્ષો નાના હતા. બન્ને ભાઈઓના વ્યક્તિત્વમાં પણ એટલો જ ફરક હતો. તેમણે ટાઈમ્સનું માત્ર પ્રિન્ટ માધ્યમમાંથી રેડિયો, ટેલીવીઝન ઇન્ટરનેટ, ઓટીટી, જેવાં વધારે સમાચારો અને જાહેરાતોનાં વધારે વ્યાપવાળાં માધ્યમોમાં પ્રસારણ કર્યું. છેવટે ૨૦૨૩માં બન્ને ભાઈ વચે ટાઈમ્સ સામ્રાજ્ય એ રીતે જ વહેંચાઈ પણ ગયું.

જગવિખ્યાત અમેરિકન સામાયિક ધ ન્યૂયોર્કરમાં Citizens Jain શીર્ષક હેઠળ ૧૯૧૨માં પ્રસિદ્ધ થયેલ લેખ[4]માં કેટલીક મહત્વની બાબતો ઉલ્લેખ પામી છે.



વિનીત જૈને આપેલી મુલાકાતમાં સ્પષ્ટ રીતે સ્વીકાર્યું છે કે અમે પરંપરાગત રીતે ધંધો નથી કરતા. અમે અખબારના વ્યવસાયમાં નથી, અમે જાહેરખબરના વ્યવસાયમાં છીએ. "તમારી નેવું ટકા જેટલી આવક જાહેર ખબરમાંથી આવતી હોય તો તમે જાહેર ખબર ના વ્યવસાયમાં છો." પહેલાં અખબારોમાં બૌદ્ધિક ઉન્નતભુ માટે લખાતું અને એ બહુ ગંભીર વાંચન હતું. વાંચકો માટે એ પ્રસ્તુત ન હતું.

વિનીત જૈને ટાઈમ્સની નકલ ટેબલ પરથી ઉપાડી. પહેલા પાના પર ૧૦ - ૧૧ સ્ટોરી હતી, અલગ અલગ સમાચારોના નાના બોક્સનો જમેલો હતો અને મોટા ફોટોગ્રાફ કે સુઘડતા અને સમતોલન માટે ડિઝાઇનના તત્વો ન હતાં. આઠ પાનાના બીજા વિભાગથી અખબારનું નાવીન્ય શરૂ થતું હતું. તેનું શીર્ષક તો હતું 'બોમ્બે ટાઈમ્સ', પણ અંદરના વર્તુળોમાં એ 'પેજ થ્રી' તરીકે ઓળખાય છે બોલીવુડ સ્ટાર, ક્રિકેટના દેખાવડા વ્યવસાયકો અને આંતરરાષ્ટ્રીય સેલિબ્રિટીની વાતો, આકર્ષક સ્ત્રીઓના રંગીન ચિત્રોથી આ વિભાગ છલકાય છે.

વિનીત જૈન સમજાવે છે કે આ બધી સ્ટોરી સ્ટાફના રિપોર્ટર એ લખેલી છે પણ સેલિબ્રિટી કે એમના પ્રચારકોએ એ માટે પૈસા ચૂકવ્યા છે બોલીવુડના નવા રિલીઝ થયેલા ચલચિત્રોનો પહેલેથી જ કવરેજ આવી જાય છે. આ વિભાગના મથાળા હેઠળ નાના ટાઈપમાં "એડવર્ટોરીયલ એન્ટરટેનમેન્ટ પ્રમોશનલ ફીચર" લખાયેલું છે. જૈન કહે છે કે "પારદર્શિતા માટે આ પૂરતું છે. આખી દુનિયામાં એડવર્ટોરીયલ્સ કરવામાં આવે છે." પણ વિનિત જૈનનાં અખબારોમાં એડવર્ટોરીયલ્સ સ્ટાફ લેખકો દ્વારા લખાય છે અને એની ચેતવણી વાંચવા મેગ્નિફાઇંગ ગ્લાસની જરૂર પડે છે.

જૈને આ વિભાગની પ્રેરણા વર્જિન ગ્રુપના રિચાર્ડ બ્રાન્સનનો ઇન્ટરવ્યૂ વાંચીને મળી. તેણે કહ્યું હતું કે પેરેશુટથી પ્લેનમાંથી કૂદવાના સ્ટંટ એ મફત પબ્લિસિટી માટે કરે છે, જેથી એની કંપનીને જાહેરાતના

[4] Citizens Jain – Ken Auletta

લાખો ડોલર બચી જાય છે. આ વાંચીને જૈને વિચાર્યું, "અરે ભગવાન, હું મૂર્ખ છું, મને એટલું પણ ન સમજાયું કે હું મફતમાં આ લોકોનો વાચકો સાથેનો સંપર્ક કરાવી આપુ છું, તો પછી એ લોકો મને જાહેરાત શું કામ આપે? " કોઈ બોલીવુડ સ્ટુડિયો કે કાર કંપની ફેશન શો કરે, તો અખબાર શો વિશે કવરેજ આપશે, પણ સ્ટુડિયો કે કંપનીનું નામ નહિ આપે. "તેઓ એક બ્રાન્ડનું પ્રમોશન કરે છે તો મને એ માટે ચુકવણું કરવું જોઈએ."

જૈન આ પ્રકારનાં જાહેરાત દ્વારા વેચાણ (એડ સેલ્સ'ને મીડિયાનેટ કહે છે. પહેલા રિપોર્ટરોને સારું કવરેજ આપવા માટે ભેટ સોગાદ રૂપે રોકડાના કવર કે બીજા ફાયદા મળતા તો એને બદલે શા માટે અખબારને જ એ ન મળે? થોડાં વર્ષો પહેલાં અમેરિકન અખબારોમાં આવી ચુપચાપ કરાતી જાહેરાતો વાચકોનાં કે પત્રકારત્વનાં હિતમાં ગણાય કે નહીં તેની વ્યાપક ચર્ચા થતી. હવે ટાઈમ્સ ગ્રૂપમાં સંસ્થાના વ્યાવસાયિક પાંખે આ બાબતે કોઇ પરવાંગી લેવાની જરૂર નથી રહી.. આખું પહેલું પાનું જાહેરાત તરીકે વેચાય છે અથવા અડધું કે બે તૃતીયાંશ જેટલું જાહેરાતમાં રોકાય છે ભારે ઊંચી કિંમત લઈને ટાઈમ્સે પોતાનું માસ્ટહેડ ફેરવીને ટોયોટાની જાહેરાત માટે 'વાકુડોકી ઇન્ડિયા' એવું મથાળું કર્યું હતું.

સમીરે આવકનો એક બીજો નવો તુક્કો પણ શોધ્યો હતો. નાની કંપનીઓ ની જાહેરાત ટાઈમ્સ આપે એના બદલામાં એની ઈક્વિટીમાં ટાઈમ્સને અમુક ભાગ મળે. આજે ટાઈમ્સ ગ્રૂપ પાસે લગભગ ૩૫૦થી વધારે કંપનીઓમાં આવો હિસ્સો છે.

સમીર અને વિનીત જૈન એવો કોઈ જ દાવો નથી કરતા કે તેઓ જે કરે છે એ જાહેર જનતાના હિતમાં છે. સંપાદકીય સ્વતંત્રતા કે ન્યુઝરૂમ અને જાહેરાત વિભાગ વચ્ચેની લક્ષ્મણરેખા વચેની પરવા કર્યા વિના તેઓ સન્નિષ્ઠપણે માને છે કે અખબાર પ્રકાશનના વ્યવસાયને ધીકતો રાખવા માટે આ દિવાલને તોડી પાડવી જોઈએ. સંક્ષેપમાં કહીએ તો પત્રકારત્વના ઊંચા સિદ્ધાંતો અખબારનું સ્વાતંત્ર વિચાર અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય વગેરે સાથે અખબારને કંઈ સંબંધ નથી એ માત્ર એક ધંધો જ છે અને એનો હેતુ નફો કરવાનો છે.

---

શ્રી નરેશ માંકડનો સંપર્ક nareshmankad@gmail.com વિજાણુ ટપાલ સરનામે થઈ શકે છે.